અમદાવાદ વિદ્યાશાળાએ બિરાજતા હતા અને પોતાની તત્ત્વ તરબોળ સુરમ્ય શૈલીથી વિશાળ શ્રોતાસમુહને અલૌકિક આનંદ પમાડતા હતા. તે વખતે ભાવિક વર્ગનો આગ્રહ થવાથી તેમણે નમસ્કાર મહામંત્ર પર નવ વ્યાખ્યાનો આપ્યાં અને તેમાં નમસ્કાર અંગે જાણવા જેવી અનેક બાબતોની રજુઆત કરી. જે સાંભળી શ્રોતાવર્ગ અત્યંત પ્રભાવિત થયો અને નમસ્કારની નિત્ય નિયમિત આરાધના કરવા લાગ્યો.

પછી તો નમસ્કાર પ્રેમી અનેક ભાઈબ્હેનો તરફથી આ મનનીય વ્યાખ્યાનોની પુસ્તકાકારે માગણી થવા લાગી. સમાજના સદ્‌ભાગ્યે આ વ્યાખ્યાનોની નોંધ પ. પૂ૦ સિદ્ધાંતમહોદધિ આચાર્ય શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મ૦ ના શિષ્યરત્ન પં. શ્રી ભાનુવિજયજી (હાલ. ભુવનભાનુસૂરિજી) મહારાજના એક શિષ્ય તથા કવિકુલતિલક શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજીએ (હાલ આ. શ્રી કીર્તિચંદ્રસૂરિજી) ખુબ કાળજીપૂર્વક લીધી હતી અને તેમાંનો કોઈ અગત્યના મુદ્દાને છોડ્યો ન હતો, એટલે તેને પુસ્તકાકારે આપવાનો નિર્ણય થયો અને તેનું સંપાદનકાર્ય અનેક વર્ષોથી સંસ્થાના સેવક તથા જૈન તત્ત્વના સૂક્ષ્મ અભ્યાસી [illegible] શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી [illegible] સોંપવામાં આવ્યું. તેમનું જૈન સાહિત્ય વિકાસ મંડળ [illegible] તરફથી પ્રકટ થનાર નમસ્કારના [illegible] અભિવાદન [illegible] અને સંસ્થા તરફથી [illegible] આ કામ માટે [illegible] આ વ્યાખ્યાનોનું [illegible] નોંધ ઉપરથી પુસ્તકને [illegible]

જેમ નમસ્કાર એ નવ પદોની સુંદર રચના છે, તેમ આ પુસ્તક નવ વ્યાખ્યાનોની સુંદર રચના છે તેમાં પહેલાં વ્યાખ્યાનમાં નમસ્કારનો અત્યંત પ્રભાવ દર્શાવવામાં આવ્યો છે અને તેનું હેતુ તથા કથાદ્વારા સુંદર સમર્થન કરવામાં આવ્યું છે. ઉપરાંત મરણ સમયે નવકાર મંત્ર શા માટે અને કેવી રીતે સંભળાવવો જોઈએ તે પણ સારી રીતે દર્શાવવામાં આવ્યું છે. બીજા વ્યાખ્યાનમાં શાસ્ત્રના અનેક પ્રમાણો આપી નમસ્કાર મંત્ર અનાદિકાળનો છે એ સિદ્ધ કરવામાં આવ્યું છે. પાંચમું અને છઠું વ્યાખ્યાન નમસ્કારનું નિક્ષેપ એટલે નિક્ષેપવર્ણનપૂર્ણ સિદ્ધ કરવા માટે કરવામાં આવ્યું છે. એટલે કેટલાક વિદ્વાનો તરફથી જે શંકાઓ કરવામાં આવે છે, તેનું પ્રબળ ખંડન કરવામાં આપ્યું છે. અને તે અંગે નિષ્પક્ષ સિદ્ધ કરવા વિવિધ દલીલો રજુ કરવામાં આવી છે. નમસ્કારનું નિક્ષેપણ મંત્રમાં પણ બતાવવામાં આવ્યું છે. વિવેચન આધુનિક શૈલીપણ નમસ્કારના ભાવ માટે આપ્યું નથી. સાતમા વ્યાખ્યાનમાં નમસ્કારના પદ-સંપદા રજુ કરવામાં આવી છે. અને તેનાં પાઠમાં આવ્યો છે. સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. પ્રકાશ પાડવામાં આવ્યો છે. [illegible] આઠમું વ્યાખ્યાન નમસ્કારના આધ્યાત્મિક અર્થ-ભાવ-સ્વરૂપ ઉપરની છે. એટલે તેમાં નમસ્કારના અર્થ આપ્યો છે. અને નવમું તથા અનેક બાબતો રજુ કરવામાં આવી છે. ઉપરાંત નમસ્કારની ચૂલિકા વિષે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે.

[illegible] વ્યાખ્યાન નવકારમંત્રની વિવિધ પ્રકારે રજુ કરવામાં આવ્યો છે. એટલે તેમાં સર્વ પ્રકારનું પુસ્તક પ્રકાશ કે આ પુસ્તક વિશેષ રીતે વિવિધ પ્રકારે રજુ કરવામાં આવ્યું છે.

અને એમ માનીએ છીએ કે આ પુસ્તક જિજ્ઞાસુ ગુરુ-જનો માટે નથી, પણ નહિ જ સાથે આ પુસ્તકને ઘણી ઘણી રીતે નીરખી સમજાવવું કે તેમાં જે ઉચિત કર્તવ્ય છે તે વિચારપૂર્વક કરે.

બરાબર વાંચે, વિચારે અને તેનો મિત્રમંડળ તથા અન્ય જિજ્ઞાસુઓ પુરતો પ્રચાર કરે.

આ પુસ્તકના પ્રારંભમાં પૂજ્ય આચાર્યદેવની સં. ૨૦૧૩ થી સં. ૨૦૧૭ સુધીનો પ્રવૃત્તિનો જે હેવાલ જોડવામાં આવ્યો છે, તે શાસન પ્રભાવના માટે તેઓશ્રી તરફથી થઇ રહેલા સતત પુરુષાર્થની ઝાંખી કરાવે છે અને પ્રગતિ વાંછુઓને એક નવું જ માર્ગદર્શન આપે છે.

જિનશાસનનો સર્વત્ર જય હો, એવી મંગલ કામના સાથે અમે અમારું આ પ્રકાશકીય નિવેદન પૂર્ણ કરીએ છીએ.

પ્રકાશક—


❀ મૃત્યુની ગોદમાં ❀


લેખક— પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

પૃષ્ઠ. ૪૮

આત્માની અમરતા અને મૃત્યુ વિષે નિર્ભયતા કેળવવા માર્મિક છતાં સમજણ ભરી શૈલીએ પૂ૦ પાદ લેખક આચાર્યદેવશ્રીએ અહિં મનનીય વિચાર ધારા પ્રસ્તુત કરી છે. મૃત્યુ એ સંસારની અનિવાર્ય હકીકત છે. એ વિષયને આવરીને સુંદર સદ્બોધ પૂ૦શ્રીએ અહિં આપેલ છે, જે પ્રત્યેક

卐 અનુક્રમણિકા 卐





卐 અભિપ્રાય 卐

જૈન શાસનમાં ઉપયોગની પ્રધાનતા શાથી?

લેખક :: પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્
વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ

પૃષ્ઠ-૪૪

શ્રી જૈન શાસન બધાયે ધર્મ દર્શનોમાં મોખરે છે. તેમાં એક એ પણ મહત્વનું કારણ છે કે-તેના પ્રત્યેક ધર્માનુષ્ઠાનોમાં તથા તેના પ્રત્યેક આરાધકના જીવનમાં ઉપયોગની પ્રધાનતા છે. આ ઉપયોગની મહત્તા તેમ જ ધર્મારાધનમાં તેની આવશ્યકતા પર આબાલ-વૃદ્ધને સર્વને પ્રશોધ માટે માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. તે માટે નિબંધ લેખક પૂ૦ આચાર્ય મહારાજશ્રીએ નાની પુસ્તિકામાં સારો પરિશ્રમ કીધેલ છે. આ નિબંધ, નિબંધ હરિફાઈમાં પ્રથમ આવેલ છે.

કલ્યાણ માસિક—૧૯૭૫, સપ્ટેમ્બર

અચિંત્યપ્રભાવશાળી

ત્રિકાલમહિમાવંત

સકલદ્વાદશાંગોપનિષદ્ભૂત

श्री नमस्कार महामंत्र



नमो अरिहंताणं । નમો અરિહંતાણં

नमो सिद्धाणं । નમો સિદ્ધાણં

नमो आयरियाणं । નમો આયરિયાણં

नमो उवज्झायाणं । નમો ઉવજ્ઝાયાણં

नमो लोए सव्वसाहूणं ॥ નમો લોએ સવ્વસાહૂણં

एसो पंच-नमुक्कारो, એસો પંચનમુક્કારો

सव्व-पावप्पणासणो । સવ્વ પાવપ્પણાસણો

मंगलाणं च सव्वेसिं, મંગલાણં ચ સવ્વેસિં

पढमं हवइ मंगलं ॥ પઢમં હવઇ મંગલં

શ્રી નમસ્કાર પદ-સંપદા-અક્ષરમાન યંત્ર

પદ	પદનો ક્રમાંક	સંખ્યાનો ક્રમાંક	વર્ણ સંખ્યા	લઘુ વર્ણ	[illegible]
नमो अरिहंताणं	૧	૧	૭	૭	
नमो सिद्धाणं	૨	૨	૫	૪	
नमो आयरियाणं	૩	૩	૭	૭	
नमो उवज्झायाणं	૪	૪	૭	૬	
नमो लोए सव्वसाहूणं	૫	૫	૯	૮	
एसो पंच-नमुक्कारो	૬	૬	૮	૭	
सव्व-पावप्पणासणो	૭	૭	૮	૬	
मंगलाणं च सव्वेसिं	૮	૮	૮	૭	૧
पढमं हवइ मंगलं	૯	[illegible]	૯	૯	
			૬૮	૬૧	૭

॥ नमो जिणाणं ॥

નમસ્કાર-મહિમા

વ્યાખ્યાન પહેલું

— * —

નમસ્કારનું મહામંત્રત્વ

[મંગલાચરણ કરી બાદ પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું કે-]

મહાનુભાવો !

ભવ્ય જીવો પર ઉપકારની અનંત વર્ષા કરનાર શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે-

जिणसासणस्स सारो, चउदसपुव्वाण जो समुद्धारो ।
जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ? ॥

શ્રી જિનેશ્વર દેવોએ જગહિતાર્થે પ્રવર્તાવેલું જે મહામંગલકારી શાસન તે જિનશાસન. તેને જિનપ્રવચન પણ કહેવાય અને જૈન શાસ્ત્રો પણ કહેવાય. તેનો સાર એટલે સારભૂત વસ્તુ. તે નવકાર.

જો મૂળ વસ્તુ મીઠી હોય તો તેની સારભૂત વસ્તુ વધારે મીઠી હોય. જો મૂળ વસ્તુ સાત્ત્વિક હોય તો તેની સારભૂત વસ્તુ વધારે સાત્ત્વિક હોય. જો મૂળ વસ્તુ સુગંધવાળી હોય તો તેની સારભૂત વસ્તુ વધારે સુગંધવાળી હોય. શેરડી મીઠી છે, તો સાકર વધારે મીઠી છે; દૂધ સાત્ત્વિક

છે, તો ઘી વધારે સાત્ત્વિક છે; ગુલાબ સુગંધી છે, તો તેનું અત્તર વધારે સુગંધી છે.

આજકાલ નબળા બાંધાના લોકોને ડૉક્ટરો વીટામીનની ટીકડીઓ ખાવાની સલાહ આપે છે. આ વીટામીન શું છે? અનાજનું સત્ત્વ કે બીજું કંઈ? એક માણસને પચીસ રોટલી ખાવાની કહી હોય તો તે ખાઈ શકે નહિ. ઉલટો ડોક્ટરને કહે સાહેબ! વધારે માંદો પાડવો છે કે શું? પરંતુ વીટામીનની ટીકડી સહેલાઈથી ખાઇ જાય. તેમાં આનાકાની કરે નહિ. આવી વીટામીનની એક ટીકડીમાં પચીસપચાસ રોટલી કરતાં પણ વધારે સત્ત્વ હોય છે, અને તેથી જ વીટામીનની ટીકડીઓ ખાનારમાં ઝડપી શક્તિ આવે છે. નવકાર એ જિનશાસનનું વિટામીન છે.

નવકારનો વિશેષ પરિચય આપતાં શાસ્ત્રકાર ભગવંત કહે છે કે તે ચૌદપૂર્વોનો સમ્યગ્ ઉદ્ધાર છે. આનો અર્થ સમજ્યા? જો સમજ્યા હો તો જ હા પાડજો, નહિ તો વિષય આગળ ચાલશે અને સમજવાનું રહી જશે. જેઓ ઉપાશ્રયે નિયમિત આવનારા છે અને સાધુ-મહાત્માઓનું વ્યાખ્યાન સાંભળનારા છે, તેમણે પૂર્વોનું નામ સાંભળ્યું હશે અને તેનું થોડું સ્વરૂપ પણ જાણ્યું હશે. પરંતુ અહીં શ્રોતાઓમાંના કેટલાક તો નવા જ આવનારા છે, એટલે આ વસ્તુ અહીં સ્પષ્ટ સમજાવીશું.

તીર્થંકર ભગવંતે અર્થથી પ્રરૂપેલાં અને ગણધર ભગવંતોએ શબ્દથી ગૂંથેલાં સૂત્રો જે દ્વાદશ (બાર) અંગ

સૂત્રો (અંગો) તે દ્વાદશાંગી કહેવાય. તેમાં બારમું અંગ દૃષ્ટિવાદ, તે ઘણું વિશાળ અને ઘણું ગહન. તેના પાંચ ભાગો તે-(૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વગત, (૪) અનુયોગ અને (૫) ચૂલિકા.* તેમાં પરિકર્મ સાત પ્રકારનું, સૂત્ર બાવીશ પ્રકારનાં, પૂર્વ ચૌદ પ્રકારનાં, અનુયોગ બે પ્રકારનો અને ચૂલિકાઓ પ્રથમના ચાર પૂર્વ પરની, આ બારમું અંગ હાલ વિચ્છેદ છે, એટલે અંગોની સંખ્યા અગિયારની ગણાય છે.

ચૌદ પૂર્વોમાં પહેલું ઉત્પાદ, બીજું આગ્રાયણી, ત્રીજું વીર્યપ્રવાદ, ચોથું અસ્તિપ્રવાદ, પાંચમું જ્ઞાનપ્રવાદ, છઠ્ઠું સત્યપ્રવાદ, સાતમું આત્મપ્રવાદ, આઠમું કર્મપ્રવાદ, નવમું પ્રત્યાખ્યાનપ્રવાદ, દશમું વિદ્યાપ્રવાદ, અગિયારમું અવંધ્ય (કલ્યાણપ્રવાદ), બારમું પ્રાણાવાય, તેરમું ક્રિયાવિશાલ અને ચૌદમું લોકબિંદુસાર.

આ દરેક પૂર્વમાં એક એક વિષયનું અગાધ જ્ઞાન ભરેલું હતું. આજની એન્સાયક્લોપીડિયા કે આજના વિશ્વકોષો તેની આગળ કાંઈ હિસાબમાં નહિ. દશમા વિદ્યાપ્રવાદપૂર્વમાં વિદ્યા અને મંત્રોનો મોટો સંગ્રહ હતો અને તે દરેકની આમ્નાયો પણ તેમાં બતાવેલી હતી. જે વિદ્યા કે મંત્ર આમ્નાયસહિત હોય તેનો ઉપયોગ થાય અને તેનું જ શાસ્ત્રોક્ત ફલ મળે. આમ્નાય વિના બધું નકામું. કુંચી ન હોય તો તાળું શું કામ લાગે ?

* દિગમ્બર સંપ્રદાયમાં ચોથે સ્થાને પ્રથમાનુયોગ અને [illegible]

એટલે ચૌદ પૂર્વનો સાર, નિચોડ કે તત્ત્વ તેનું નામ નવકાર. આવો નવકાર જેના મનમાં વસ્યો હોય, એટલે કે જે મનથી તેનું સ્મરણ–ચિંતન કરતો હોય, તેને સંસાર કંઇ પણ કરી શકતો નથી. ઊંદરને જેમ બિલાડીનો ભય છે, બકરીને જેમ વાઘનો ભય છે, તેમ આત્માને સંસારનો ભય છે. સંસાર એટ[લે] સંસરણ, એક ગતિમાંથી બીજી ગતિમાં જવાની ક્રિયા. ગતિ કેટલી? ચાર–દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક. તે[ના] ઉત્પન્ન થવાનાં સ્થાનોના પ્રકાર એટલે જીવયોનિ કેટલી? ચોરાશી લાખ. જ્યાં સુધી આત્માને આ ચાર ગતિ અ[ને] ચોરાશી લાખ, જીવયોનિમાં પરિભ્રમણ કરવું પડે છે, [ત્યાં] સુધી તેને વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવવા પડે છે, વિ[વિધ] પ્રકારની યાતનાઓ સહન કરવી પડે છે; પરંતુ નવકા[ર] મનમાં ધારણ કર્યો, એટલે આ બીહામણું, ભયાનક કે ભયંક[ર] સંસાર તેને કંઇ પણ કરી શકતો નથી, અર્થાત્ તેને દૂ[ર] હટી જવું પડે છે અને મુક્તિ, મોક્ષ કે નિર્વાણ માટેનો માર્ગ મોકળો કરી આપવો પડે છે.

આ નવકારનો મહિમા કેવો છે? તેનું સ્વરૂપ કે[વું] છે? તેને ગણવાનો શો વિધિ છે? તેનાથી કેવા લા[ભ] થાય છે? વગેરે બાબતો તમને સમજાવવી છે, જેથી તમે તેનું સ્મરણ-ચિંતન-ધ્યાન બરાબર કરી શકો અને મહા[ન] [illegible] ફળ પામી શકો. શાસ્ત્રકાર ભગવંતોએ મહા[મંત્રનો] [illegible] આ મહિમા કેવો ગાયો છે, તે સાંભળો :

पूज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः ।
श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥

'પૂજ્યોની પૂજા કરવી, દયા પાળવી, દાન દેવું, તીર્થયાત્રાએ જવું, નવકારનો જપ કરવો, તપનું આચરણ કરવું, શાસ્ત્રોનો અભ્યાસ કરવો અને પરોપકારપરાયણ થવું, એ આઠ મનુષ્યજન્મનાં મોટાં ફળો છે.'

દેવતાઓ ભોગવિલાસમાં મસ્ત હોય છે, એટલે તેઓ નવકારનો જપ કરી શકતા નથી; તિર્યંચો બુદ્ધિની વિકલતાને લીધે નવકારનો જપ કરી શકતા નથી; અને નારકીના જીવો સતત યાતનાઓ ભોગવી રહેતા હોય છે, એટલે ત્યાં નવકારનો જપ કરવા જેટલી ચિત્તની શાંતિ હોતી નથી. બાકી રહી મનુષ્યગતિ. માત્ર તેમાં જ નવકારનો જપ સારી રીતે થઈ શકે છે, અને તેથી જ શાસ્ત્રકાર ભગવંતોએ તેને મનુષ્યજન્મનું મહાફળ કહેલું છે.

નમસ્કાર મહિમાનું અમે વર્ણન કરીએ, તે પહેલાં તમને એના પર્યાયો એટલે અપરનામો કેટલાં છે, તે જણાવી દઈએ. જેથી તેને ઓળખવામાં ભૂલ ન થાય. શાસ્ત્રોમાં તેને માટે નવક્કાર, નમોક્કાર, પંચનવક્કાર, પંચનમોક્કાર, નમસ્કાર, પંચનમસ્કાર, પંચનમસ્કૃતિ, પરમેષ્ઠિનમસ્કાર, પંચપરમેષ્ઠિનમસ્કાર, પંચમંગલ, પંચમંગલમહાશ્રુતસ્કંધ, પંચગુરુનમસ્કાર, નમસ્કાર મંત્ર, નમસ્કાર મહામંત્ર, પરમેષ્ઠિમંત્ર, પંચપરમેષ્ઠિમંત્ર, સિદ્ધમંત્ર, શાશ્વતમંત્ર, પરમમંત્ર,

મહામંત્ર વગેરે નામો વપરાયેલાં છે,* કોઇક સ્થળે તે
અઘમર્ષણ એટલે પાપનો નાશ કરનાર પણ કહેવામ
આવ્યો છે.

કેટલાક કહે છે કે 'નવકારને તીર્થંકરોએ અર્થ
પ્રરૂપ્યો છે અને ગણધર ભગવંતોએ શબ્દથી ગુંથ્યો છે
એટલે તેને સૂત્ર કહેવાય, પણ મંત્ર શી રીતે કહેવાય?
પણ આમ કહેનારાઓને એ ખ્યાલ નથી કે કોઈ પણ સૂ
મંત્રરૂપ હોઇ શકે છે. 'मननात् त्रायते इति मन्त्रः-જે મન
કરવાથી તારે તે મંત્ર.' મંત્રની આ સીધી અને સાદી વ્યાખ્
છે, નવકારનું મનન સંસારસાગરમાંથી તારનારૂં છે, આ વ
તો અમે આ વ્યાખ્યાનના પ્રારંભે જ કહી ગયા છીએ
એટલે નવકારને મંત્ર માનવામાં કોઇ વિસંગતિ નથી.

કેટલાક કહે છે કે 'નવકારને આપણા આગમો
કોઈ સ્થળે મંત્ર કહ્યો હોય તો બતાવો.' તેનું સમાધ
પણ કરવું જોઇએ. શ્રી મહાનિશીથસૂત્રમાં નીચેનો પ
આવે છે: 'नमो अरिहंताणं सत्तक्खरपरिमाणं अणंतगम
पज्जवत्थपसाहगं सव्वमहामंत - पवरविज्जाण - परमबीअभूअं
નમો અરિહંતાણં એ (પ્રથમ અધ્યયન) સાત અક્ષર
પરિમાણવાળું, અનંત ગમ, પર્યવ અને અર્થના પ્રસ
ાધનરૂં તથા સર્વ મહામંત્રો અને સર્વ પ્રવર વિદ્યાઓ
બીજ છે.' મહામંત્રોનું બીજ તે સ્વયં મહામંત્ર છ
કે નહિ?

* [illegible] નવકારને [illegible] કે [illegible] તરીકે ઓળખે

નમસ્કાર મંત્રત્વ દર્શાવતી એક પ્રાચીન ગાથા નીચે મુજબ છે :

पणव-हरिया-रिहा, इय मंतह बीआणि सप्पभावाणि ।
सव्वेसिं तेसिं मूलो, इक्को नवकारवरमंतो ॥

'પ્રણવ એટલે ૐ, હ્રીં તથા અર્હં એ મંત્રબીજો પ્રભાવશાળી છે, તે સર્વેનું મૂળ એક નવકારમંત્ર છે.'

આમ નવકારનું મંત્રત્વ સિદ્ધ છે, તેથી જ શાસ્ત્રોમાં તેને નમસ્કારમંત્ર, નમસ્કારમહામંત્ર, પરમેષ્ઠિમંત્ર, પંચપરમેષ્ઠિમંત્ર, સિદ્ધમંત્ર, શાશ્વતમંત્ર, પરમમંત્ર, મહામંત્ર વગેરે કહેલ છે.

કેટલાક કહે છે કે 'નવકારને મંત્ર કહો એ તો ઠીક છે, પણ તેને સિદ્ધ, શાશ્વત, પરમ, મહા એવાં વિશેષણો શા માટે લગાડો છો ?' આના ઉત્તરમાં અમારે કહેવું જોઈએ કે કારણ વિના કાર્ય બનતું નથી; એટલે કે નવકાર-રૂપી મંત્રને આ વિશેષણો લગાડવામાં પણ ચોક્કસ કારણો રહેલાં છે. નવકાર એ યોગ્ય આત્માઓને અવશ્ય સિદ્ધ થનારો મંત્ર છે અથવા કદી નિષ્ફળ જતો નથી, એમ જણાવવા માટે તેને સિદ્ધમંત્ર કહેવામાં આવે છે. બીજા મંત્રો એક કાળે હોય છે, અન્ય કાળે હોતા નથી; જ્યારે નવકારમંત્ર તો ત્રણે કાળ ટકનારો છે, માટે તેને શાશ્વત મંત્ર કહેવામાં આવે છે, અને નવકાર જેવો ઉત્તમ અન્ય કોઈ મંત્ર નથી, તેથી તેને પરમ કે મહામંત્ર કહેવામાં આવે છે. ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજ પરમેષ્ઠિ ગીતામાં કહે છે :

શ્રી નવકાર સમો જગી, મંત્ર ન યંત્ર ન અન્ય;
વિદ્યા નવિ ઔષધ નહિ, એહ જપે તે ધન્ય.

દુનિયાના અન્ય મંત્રો એક એક કાર્યને સિદ્ધ કરનારા છે, ત્યારે નવકારમંત્ર સર્વ કાર્યોને સિદ્ધ કરનારો છે, તેથી તે ઉત્તમ, શ્રેષ્ઠ, પરમ કે મહા કહેવાય છે. શ્રીવૃદ્ધનમસ્કારફલ સ્તોત્રમાં કહ્યું છે કે-

वसियरणुच्चाडणथोभणेसु सुइखोभथंभणाईसु ।
एसुच्चिय पञ्चलओ तहा पउत्तो नमुक्कारो ॥ ५१ ॥
मंतंतरपारद्धाइं जाइं कज्जाइं ताइं सव्वाइं वसमेइ ।
ताणं चिय नियसुमरणपुव्वारद्धाण सिद्धिकरो ॥ ५२ ॥

'વશીકરણ, ઉચ્ચાટન, થોભણ, પ્રસુતી, ક્ષોભ અને સ્થંભન આદિ કાર્યોને વિષે વિધિપૂર્વક પ્રયુક્ત થયેલો નવકાર જ સમર્થ છે.

અન્ય મંત્રોથી પ્રારંભેલાં જે કાર્યો સિદ્ધ થતાં નથી, તે સર્વ પણ નવકારના સ્મરણપૂર્વક પ્રારંભેલાં હોય તો શીઘ્ર સિદ્ધ થાય છે.

નવકાર મંત્ર ઉત્તમ, શ્રેષ્ઠ, પરમ કે મહા હોવા છતાં તેની સિદ્ધિ અન્ય મંત્રો કરતાં જલદી થાય છે, તે એની મહત્તામાં મોટી ખૂબી છે. આ વસ્તુ શિવકુમારની કથા દ્વારા બરાબર સમજાશે.

શિવકુમારની કથા

યશોભદ્ર નામે એક શેઠ હતા, જે ઉત્તમ શ્રાવક

ગણાતા. તેમને એક પુત્ર હતો, તેનું નામ શિવકુમાર. આ
પુત્ર મોટો થતાં જુગારના છંદે ચડ્યો, અને વિષયલંપટ
બન્યો. સુધરવા માટે પિતાએ ઘણી શિખામણ આપી. પણ
તે માન્યો નહિ. પથ્થર પર ગમે તેટલું પાણી રેડીએ, તો
પણ એ ક્યાં ભીંજાય છે ? અથવા કૂતરાની પૂંછડીને છ
મહિના ભોંયમાં રાખીએ તો પણ એ સીધી થતી નથી.
વ્યસની-દુષ્ટ માણસોની હાલત પણ આવી જ હોય છે.
તેઓ કોઈનું માનતા નથી, કોઈની વાત ધ્યાનમાં લેતા નથી.
કાળજડાની કોર જેવો શેઠનો એક પુત્ર અને તેની આ
હાલત. તેથી યશોભદ્ર શેઠના મનમાં ઘણું દુઃખ રહેતું. હવે
પોતાનો અંત સમય નજીક આવ્યો, ત્યારે આ શેઠે પોતાના
પુત્રને પાસે બેસાડીને કહ્યું : 'તેં આજ સુધી મારી કોઈ
વાત માની નથી અને તેનું મને ઘણું દુઃખ છે, પરંતુ
જતાં જતાં તારા હિતની એક વાત કહું છું, તે બરાબર
ધ્યાનમાં રાખજે, કદી તારા પર કોઈ આફત આવી પડે,
તો નમસ્કારમંત્રનું સ્મરણ કરજે. એથી તારી આફત દૂર
થશે.' શિવકુમારે પિતાની આ છેલ્લી વાત અંગીકાર કરી.

પિતા મરણ પામ્યા અને શિવકુમારે જુગારી-દારૂડિયા
વગેરેની સોબતે ચડી બધી માલમત્તા ગુમાવી દીધી. પાસે
કંઈ પણ રહ્યું નહિ અને ખાવાનાં પણ સાંસા પડવા લાગ્યા.
માણસ પાસે પૈસો હોય છે, ત્યારે તેને એક પ્રકારનું જોર
રહે છે. કેફ રહે છે અને તે કેફને લીધે તે આડા-અવળું
બધું વિચારી શકતો નથી પરંતુ પાસેથી પૈસો ખલાસ
થાય છે અને ખાવાના પણ સાંસા પડે છે, ત્યારે તેની સાન

ઠેકાણે આવી જાય છે. પરંતુ એ શાંડયા પછીનું ડહાપણ છે એટલે શા કામનું?

શિવકુમારને માથે દેવું થયું, એટલે તેણે પોતાનું ગામ છોડી બીજે જવાનો વિચાર કર્યો અને એક દિવસ પોતાનું ગામ છોડયું. રસ્તામાં ત્રિદંડી મળ્યો. તેણે શિવકુમારને નિસ્તેજ જોઈને પૂછ્યું: 'કેમ ભાઇ! શું ફીકરમાં પડ્યા છો!' ત્યારે શિવકુમારે પોતાની કથની કહી.

ત્રિદંડીએ કહ્યું: 'હું મંત્ર જાણું છું. તું ઉત્તરસાધક બની જા. તેનાથી સોનાનો પુરુષ થશે, તે મંત્રાધિષ્ઠિત હોવાથી તેના હાથ પગ કાપી લેતાં બીજા દિવસે નવા આવી જશે. આ રીતે તને પુષ્કળ ધન મળી જશે. પછી આ જીંદગીમાં કોઈ વાર ધનની ચીંતા કરવાની રહેશે નહિ. પરંતુ આ મંત્રની સાધના કાળી ચૌદશની રાત્રે કરવી પડે છે.'

શિવકુમારને લાગ્યું કે 'આ તો ઘણું સારું' તેથી ત્રિદંડીની વાત તેણે કબૂલ રાખી અને કાળી ચૌદશ ક્યારે આવે? તેની રાહ જોવા લાગ્યો. એમ કરતાં કાળી ચૌદશ આવી, ત્યારે ત્રિદંડીએ કહ્યું: 'શિવકુમાર! તું એક અખંડ મડદું શોધી લાવ અને પૂજાની સામગ્રી લઈને અમુક સ્મશાનમાં આવ. ત્યાં આપણું કામ સારું થશે.'

કામ કઠણ હતું, પણ શિવકુમારને લક્ષ્મીની લાલચ ઘણી હતી, એટલે તેણે કોઈ પણ પ્રકારે એક મડદું મેળવ્યું

અને તે ફૂલની સામગ્રી લઈને ગામથી કેટલેક દૂર આવેલ એક શ્મશાનમાં દાખલ થયો. ત્યાં ત્રિદંડીએ એક માંડલું બનાવ્યું અને તેમાં પેલા શબને ગોઠવી તેના એક હાથમાં તીક્ષ્ણ ધારવાળી તલવાર આપી. પછી શિવકુમારને કહ્યું કે 'તું આ મડદાના પગે તેલ ઘસવા માંડ. હું મંત્રનો જપ કરું છું.' આમ કહી ત્રિદંડી મંત્રનો જપ કરવા બેસી ગયો.

પરંતુ શિવકુમારને આ બધું કપટ જેવું લાગવા માંડ્યું. મંત્રબળથી કદાચ મડદું સજીવ થાય અને પોતાના શિર પર તલવારનો પ્રહાર કરે તો! તેના મનમાં ભ્રમણા થવા લાગી અને પોતે આ ત્રિદંડીનો વિશ્વાસ કરવામાં ભૂલ ખાધી છે, એમ લાગવા માંડ્યું. પણ રાત્રિનો ઘોર અંધકાર ચારે બાજુ ફેલાયેલો હતો, વળી એકાંત શ્મશાનભૂમિ હતી, એટલે નાસી જવું પણ શી રીતે? આ વખતે સુભાગ્યે તેને પિતાની હિતશિક્ષા યાદ આવી, એટલે તે એકાગ્ર ચિત્તે નમસ્કાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યો.

આ બાજુ ત્રિદંડીના મંત્રજાપથી શબ ઊભું થઈને શિવકુમારનો વધ કરવા જાય છે, ત્યાં હાથમાંની તલવાર નીચે પડી અને તે પણ ભૂમિ પર ઢળી પડ્યું. શિવકુમારનો આબાદ બચાવ થયો. આ પ્રતાપ કોનો? નમસ્કાર મંત્રના સ્મરણનો. ત્રિદંડીએ એવું ત્રણ વાર ફરીને સ્મરણ કર્યું, તેમાં આવું જ બન્યું.

ત્રિદંડી વિચાર કરે છે કે આમ કેમ બન્યું? મંત્રમાં

કંઈક ભૂલ થઈ હશે, એટલે તેણે મડદાના હાથમાં તરવાર આપી ફરીવાર મંત્રની ગણના ચાલુ કરી. મંત્ર પૂરો થતાં શબ ઊભું થયું, પણ તે ચાલવા જાય છે, ત્યાં જ તેના હાથમાંથી તલવાર હેઠી પડી અને તે પણ ધબાક કરતું નીચે પડ્યું. આથી ત્રિદંડીને શંકા જાગી અને તે પૂછવા લાગ્યો કે 'ભાઈ! તું કાંઈ મંત્ર જાણે છે?' શિવકુમારને ખબર નથી કે પોતે ગણી રહેલા મંત્રના પ્રભાવથી જ ત્રિદંડીનો મંત્ર અને પરિશ્રમ નિષ્ફળ જાય છે. એટલે તે કહે છે કે 'હું કોઈ મંત્ર જાણતો નથી, જો જાણતો હોત તો અહીં આવત શા માટે?'

આથી ત્રિદંડીએ પોતાની બધી ક્રિયાવિધિ તપાસી, બધું ઠીક ઠાક કરી, ફરી મંત્ર જપવા માંડ્યો. ત્રિદંડી પોતાના મંત્રબળથી પેલા મડદામાં વેતાલને અધિષ્ઠિત કરતો હતો, પણ નવકાર મંત્રના બળ આગળ તેનું કંઈ ચાલતું ન હતું. હવે ત્રીજી વારના મંત્રજપથી મડદું ઊભું થયું, પણ તેણે પોતાના હાથમાંની તલવાર ઉત્તરસાધક પર ચલાવવાને બદલે ત્રિદંડી પર ચલાવી અને તેનું મસ્તક ધડથી જુદું પડી ગયું. ત્યાં એ મસ્તક માંડલામાં રહેલી અગ્નિવેદિકામાં પડ્યું, ત્યાં સુવર્ણપુરુષ ઉત્પન્ન થયો.

શિવકુમાર સમજી ગયો કે આ બધો પ્રતાપ મેં ગણેલા નવકાર મંત્રનો જ છે. જો આજે મેં નવકાર મંત્રને સંભાર્યો ન હોત તો જે હાલ આ ત્રિદંડીના થયા, તે મારા થાત. તેથી તેણે હંમેશાં આ નવકાર મંત્રની નિત્ય વારંવાર સ્મરણ કરે છે.

પછી તે પેલા સુવર્ણપુરુષને પોતાના સ્થાને લઈ ગયો અને તેના પ્રભાવથી થોડા જ વખતમાં શ્રીમંત બની ગયો. તેણે પોતાને મળેલા અખૂટ ધનનો ઉપયોગ સુંદર જિનમંદિર બંધાવવામાં તેમજ દીનજનોના ઉદ્ધાર કરવામાં કર્યો અને તેથી તેનો યશ પૃથ્વીમાં વિસ્તાર પામ્યો. તે સર્વ વાતે સુખી થયો અને છેવટે પોતાનું જીવન પણ સુધારી ગયો.

આમ નવકાર મંત્ર લૌકિક હોઈ પણ મંત્ર કરતાં જલદી સિદ્ધ થાય છે. તે અચિંત્ય કાર્યો કરે છે અને અનેકોનાં જીવન સુધારી નાખે છે. તેના પ્રભાવ વગેરેનું વર્ણન અવસરે કરાશે.



વ્યાખ્યાન બીજું

નમસ્કારનો અચિંત્ય પ્રભાવ

(મંગલાચરણ કર્યા પછી પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું કે-)

મહાનુભાવો !

નવકાર એ જિનશાસનનો સાર છે, ચૌદ પૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે, અને ભાવથી ગણનારને સંસારસાગરમાંથી તારનાર છે, એ વસ્તુ તમને કહી ગયા. વળી તેનાં કેટલાં નામો છે અને તેને મહામંત્ર શા માટે કહેવામાં આવે છે, તે પણ જણાવી ગયા, સાથે એ વસ્તુ પણ તમારા ધ્યાનમાં લાવવામાં આવી કે નવકારની ગણના શીઘ્ર ફલદાયી થાય છે અને તે અંગે શિવકુમારની કથા સંભળાવવામાં આવી. અમારા આ વક્તવ્ય પર તમે કંઈ ચિંતન-મનન કર્યું ખરું ?

શ્રવણ પછી મનન અને મનન પછી નિદિધ્યાસન એ જ્ઞાનપ્રાપ્તિનો સુવિદિત ક્રમ છે, એટલે અહીં જે વ્યાખ્યાન અપાય, તે એકાગ્ર ચિત્તે સાંભળ્યા પછી તેના પર ચિંતન-મનન કરવું જરૂરી છે.

નવકાર મંત્રનો પ્રભાવ અચિંત્ય છે. અચિંત્ય એટલે આપણે ન કળી શકીએ તેવો. શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે-

[illegible] ।
[illegible] ॥

[illegible] વ્યાધિ, રોગ, આનંદ તેનો લાભ નવકાર

મંત્રની જપના કરવાથી નાશ પામે છે. વર્તમાનકાળે પણ એવા દાખલાઓ જોવામાં આવે છે કે જે રોગ મટાડવામાં વૈદ-હકીમો-ડૉકટરો નિષ્ફળ ગયા હોય, તે રોગ માત્ર નવકારની નિયમિત જપના કરવાથી જ મટ્યો હોય.

જલ એટલે પાણી. તેનો ભય પણ નવકાર મંત્રની જપના કરવાથી નાશ પામે છે. પાણીનું પૂર આવ્યું હોય કે ચારે બાજુ જળબંબાકાર થઈ ગયું હોય તે વખતે અંતરના શુદ્ધ ભાવથી નવકાર મંત્રનું સ્મરણ કરવામાં આવે તો તેનું રક્ષણ થાય છે.

જ્વલન એટલે અગ્નિ. તેનો ભય ઉત્પન્ન થયો હોય, ત્યારે આ નવકાર મંત્ર શીતજલ જેવું કાર્ય કરે છે. નગરમાં આગ લાગી હોય, તે ભડકે અને ભડકે આગળ વધી રહી હોય, સર્વ લોકો ત્રાસ પામીને ભાગતા હોય ત્યારે નવકાર મંત્રનું આરાધન કરનારની હવેલી-ઘર આબાદ બચી ગયાં હોય, એવા દાખલાઓ શાસ્ત્રમાં નોંધાયેલ છે.

તસ્કર એટલે તસ્કર, ચોર લુંટારુ, ધાડપાડુ. તેનો ભય પણ નવકાર મંત્રનાં સ્મરણથી નાશ પામે છે. ધાડપાડુઓ એક ગામમાં ધાડ પડી. ધાડપાડુઓની નજર ખાસ કરીને એક શેઠ શ્રીમંતના ઘર પર હતી. આ શ્રીમંતને ખબર પડી કે ગામમાં ધાડપાડુ આવ્યા છે અને તે ટોળાબંધ અહીં આવી પહોંચશે. એટલે તે [illegible] નવકાર મંત્ર જપવા બેસી ગયા. ટોળી બારે ધાડપાડુ ઘરમાં આવી પહોંચ્યા, પણ તેમને આ શેઠનો પત્તો ન લાગ્યો.

દેખાય નહિ. આઠાઅવળા ફાંફાં મારી તેઓ હજાર-બે હજારનો માલ લઈ ગયા, પણ આ વખતે શેઠની તીજોરીમાં ૭૦૦૦૦ રૂ. નું તો માત્ર સોનું જ હતું ! એ તીજોરી તેમના જોવામાં જ આવી નહિ. રસ્તે જતાં ચોર મળે ત્યાં પણ નવકાર મંત્ર ગણવાથી બચાવ થાય છે.

હરિ શબ્દના અનેક અર્થો થાય છે, પણ અહીં હરિ શબ્દથી સિંહ સમજવાનો છે. સિંહનો ભય એટલે મહાભય. તેના પંજામાંથી મનુષ્ય છટકી શકે નહિ. પરંતુ નવકાર મંત્રની ગણના કરવાથી એ ભય પણ દૂર થઈ જાય છે.

કરિ એટલે હાથી. તે પણ મસ્ત બનીને સામો આવતો હોય તો અનેક મનુષ્યોને ગગદી નાખે છે કે સૂંઢવતી પકડીને ચીરી નાખે છે અથવા તો દડાની જેમ હવામાં ઉછાળી નીચે પટકે છે અને મારી નાખે છે. એ ભયનું નિવારણ પણ નવકાર મંત્રની ગણનાથી થાય છે.

સંગામ એટલે સંગ્રામ. યુદ્ધ. લડાઈ, તે ફાટી નીકળતાં અનેક મનુષ્યોના જાનની ખુવારી થાય છે અને તેમનાં ઘરબાર નાશ પામે છે. પરંતુ આવા વખતે નવકાર મંત્રની અનન્ય મને ગણના કરી હોય તો આબાદ રક્ષણ થાય છે.

[illegible] એટલે [illegible], સાપ. તેનો ભય પણ સામાન્ય મનુષ્યોને [illegible] છે, કારણ કે તેનો દંશ થતાં જ [illegible] અને થોડી [illegible] મૃત્યુ નીપજે છે. પરંતુ [illegible] નવકાર મંત્રની ગણના કરવાથી [illegible] નવકાર મંત્ર [illegible]

ખોરાકી છોડવામાં આવે તો ઝેર ઉતરી જાય છે અને રોગાનુબંધનો અભાવ થાય છે. પણ આ નમસ્કાર અનન્ય શ્રદ્ધાથી ગણવાનો હોવો જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો જેઓ નમસ્કાર મંત્રની નિત્ય શુદ્ધ ભાવે ગણના કરે છે, તેનાથી આવું પરિણામ આવે છે.

૭ નમસ્કાર મંત્રની ગણના કરવાથી આ પ્રકારના ઝેરી જીવો પણ નાશ પામે છે અને ત્યાં અભાવની કોઈ બાધી [illegible] ત્યાં અભાવનો ખાતમો પૂરતો થઈ જાય છે.

શ્રાવક સંતાનો કહે છે કે જેણે પણ પૂર્વજન્મથી પુણ્ય કર્યું હોય તેને જ નમસ્કાર મંત્રની પ્રાપ્તિ થાય છે અને તેનાથી નરક તથા તિર્યંચની ગતિ અવરુદ્ધ થાય છે. એટલું જ નહિ પણ ભવાંતરમાં તેને ઉત્તમ કુળ, રૂપ, આરોગ્ય તથા સંપત્તિની પ્રાપ્તિ થાય છે. રાજકુમારી સુદર્શનાની કથા તમને આ વાતની ખાતરી કરાવશે.

રાજકુમારી સુદર્શનાની કથા

એક સમળી આકાશમાં ઉડતી હતી. તેને કોઈ શિકારીએ તીર માર્યું. એ તીરથી ઘવાઈ તે નીચે પડી અને તરફડવા લાગી. તેની પાસેના એક મુનિ ધ્યાનમાં

ઊભા હતા. તેમણે જોયું કે આ સમડી સખત ઘાયલ થઈ છે અને થોડી વારમાં જ તેના પ્રાણ નીકળી જશે, એટલે તેમ નવકાર મંત્ર સંભળાવ્યો.

મૃત્યુ સમયે મનુષ્ય, પશુ કે પક્ષી કોઈને પણ નવકાર મંત્ર સંભળાવવામાં આવે અને તેનું ચિત્ત એમાં ચોંટે તો તેની ગતિ સુધરે છે. જો મનુષ્ય સમકિતદૃષ્ટિ હોય અને તે અંત સમયે નવકાર સાંભળે તો અધ્યવસાયોની શુદ્ધિને લીધે તે દેવલોકમાં ઉત્પન્ન થાય છે, માટે મૃત્યુસમયે નવકાર અવશ્ય સંભળાવવો જોઈએ.

આજે તો છેલ્લા શ્વાસોચ્છ્વાસ ચાલતા હોય, ઘરઘરાટ ચાલતો હોય અને પ્રાણ જવાની તૈયારી હોય, ત્યારે પણ દવા કે ઇંજેકશનોનો મારો ચાલતો હોય છે. જીવનની આ કેવી તૃષ્ણા! જીવનનો આ કેવો મોહ! આવી હાલતમાં મનુષ્યનું મરણ કેવી રીતે સુધરે? જો માણસ બેહોશ થઈ જાય તો અંતકાળિયા જેવા કોઈ વૈદ્યને બોલાવી હેમગર્ભની માત્રા આપવામાં આવે છે, જેથી તે હોશમાં આવે * પણ તેને હોશમાં લાવીને કરવાનું શું? વીતમાં અન્ય કશાકે

રહેવાની, એજ કે બીજું કંઇ ? પણ એ વિચાર નથી આવતો કે 'બાપાજી આવ્યા, માટે લાવો તેમને નવકારની માળા આપીએ જેથી તેમની સદ્ગતિ થાય.'

જ્યારે એમ લાગે કે આ માણસ બચવાનો નથી, ત્યારે સગાંવહાલાં કે સ્નેહીઓ નવકાર મંત્ર સંભળાવવા માંડે છે. જો કંઇક ઠીક હોય ને સંભળાવવા માંડે તો માંદો માણસ કહે છે કે 'શું હું મરવા પડ્યો છું કે મને નવકાર સંભળાવો છો ?' પણ એને ખબર નથી કે નવકાર મારનારો નહિ પણ તારનારો મંત્ર છે. બિમારીમાં નવકાર સંભળાવો તો એ શી રીતે સાંભળે ? તેનાથી કંઇ અર્થ સરે નહિ. એટલે બિમારી ગંભીર લાગતી હોય તો તેને પ્રથમથી જ નવકાર મંત્ર સંભળાવવો જોઇએ.

મૃત્યુ-સમય નજીક લાગે ત્યારે સાધકે પોતાનાં પાપોની આલોચના કરી લેવી જોઇએ, ચોરાશી લાખ જીવ-યોનિના જીવોને ખમતખામણાં કરી લેવાં જોઇએ અને અરિહંત, સિદ્ધ, સાધુ તથા કેવલીપ્રરૂપ્ત ધર્મનું શરણું અંગીકાર કરી પંચપરમેષ્ઠિનાં સ્મરણમાં જ મનને લગાડવું જોઇએ.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે-

[illegible]
[illegible]

'અંતકાળે પણ આ નવકાર [illegible] સ્મરવા લાયક, [illegible], સાંભળવા લાયક અને [illegible]-

ચિંતવન કરવા લાયક છે, તો પછી મરણકાળ માટે તો પૂછવું જ શું ?'

સમર્થ શ્રુતધરો પણ મરણ સમય નજીક આવતાં દ્વાદશાંગ શ્રુતને છોડી માત્ર નવકાર મંત્રનું જ સ્મરણ કરે છે. મલધારી શ્રી હેમચંન્દ્રસૂરિકૃત ઉપદેશમાલામાં કહ્યું છે કે—

जलणाइ भए सेसं मोत्तुं इक्कंपि जह महारयणं ।
घिप्पइ संगामे वा, अमोहसत्थं जह तहेह ॥
मोत्तूंपि बारसंगं स एव मरणंमि कीरए जम्हा ।
अरहन्तनमोक्कारो, तम्हा सो बारसंगत्थो ॥

'અગ્નિ વગેરેનો ભય આવી પડે ત્યારે બાકીની બધી વસ્તુઓ છોડીને એક મહારત્નને ગ્રહણ કરાય છે, (કારણ કે તેમ કરવાથી પલાયન આદિ ક્રિયા સુખપૂર્વક થઈ શકે છે.) અથવા સંગ્રામની અંદર (લાકડી, તલવાર, બાણ વગેરે શસ્ત્રો છોડીને) અમોઘ એવા બાણ કે શક્તિને ગ્રહણ કરવામાં આવે છે, તેમ અહીં પણ મરણ આવી પડે ત્યારે તે અવસ્થામાં સ્મરણ કરવાને અશક્ય એવા દ્વાદશાંગ શ્રુતને છોડીને જે કરાય તેને દ્વાદશાંગનો અર્થ માનવો જોઈએ.

મરણ સમયે નવકાર કેવી રીતે ગણવો જોઈએ તેનો શાસ્ત્રકાર ભગવંતોએ વિધિ બતાવ્યો છે. તેઓ કહે છે કે અંત સમય નજીક આવતાં ચિત્ત મંદ પડે, [illegible] [illegible], સ્વર અને મધુર સ્વર [illegible] તથા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પડે, [illegible] પ્રકારે, સમર્થ [illegible] [illegible] [illegible] કરવો. જો [illegible] પડવાથી તેમ [illegible]

સમય ન હોય તો પંચપરમેષ્ઠિનાં નામને અનુસરનારા 'અ સિ આ ઉ સા' એવા પાંચ અક્ષરોનું [illegible] પ્રકારે મનમાં સ્મરણ કરવું અને એટલી પણ શક્તિ ન હોય તો માત્ર ઓમ્ એવા અક્ષરનું ધ્યાન કરવું. કારણ કે ૐ અક્ષર વડે અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ મુનિઓ (સાધુઓ) સંગૃહિત થયેલા છે, અહીં કોઈ પ્રમાણની અપેક્ષા રાખતું હોય તો અમે જણાવીએ છીએ કે આર્યવિદ્યાનુશાસનના પ્રથમ સમુદ્દેશમાં નીચેની ગાથા કહેલી છે :—

અરહંતા અસરીરા આયરિયા ઉવજ્ઝાયા મુણિણો ।
પઢમક્ખરનિપ્પન્નો ઓંકારો પંચપરમિટ્ઠી ।

આ ગાથાનું તાત્પર્ય એ છે કે અરિહંતનો પ્રથમાક્ષર અ લઈએ, અશરીરી (સિદ્ધ)નો પ્રથમાક્ષર અ લઈએ, આચાર્યનો પ્રથમાક્ષર આ લઈએ, ઉપાધ્યાયનો પ્રથમાક્ષર ઉ લઈએ અને મુનિ (સાધુ)નો પ્રથમાક્ષર મ્ લઈ તેની સંધિ કરીએ તો ઓમ્ બને છે. અ + અ = આ. આ + આ = આ. આ + ઉ = ઓ. ઓ + મ્ = ઓમ્.

જે લોકો એવા એક અક્ષરનું ધ્યાન કરવાને પણ અસમર્થ છે, તે આગળ કહેલા કલ્યાણમિત્રોના સહવાસ સાધીને અનુ-ગુણ નમસ્કાર સાંભળે અને તે સાંભળતી વખતે મનમાં આ પ્રમાણે ભાવના કરે :

'આ નમસ્કાર એ સાક્ષાત્ મંત્રરાજ છે, જેનું દર્શન મનુષ્યને અતિ દુર્લભ છે, તેનો સમાગમ થયો એ મારું ભાગ્ય છે.

'અહોહો ! આજે હું ભવસમુદ્રના તટને પા
છું. અન્યથા ક્યાં હું ? ક્યાં આ ? અને ક્યાં મારો તે
સાથેનો સમાગમ ?

'હું ધન્ય છું, કૃતપુણ્ય છું કે જેથી અનંત ભવસમુદ્ર
ભ્રમણ કરતાં અચિંત્ય ચિંતામણિ એવો નવકાર મંત્ર પામી

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે–

जेणेस नमुक्कारो सरिओ भावेण अंतकालम्मि ।
तेणाहूयं सुक्खं दुक्खस्स जलंजली दिन्नो ॥

'અંતકાળે જેણે આ નવકારને ભાવપૂર્વક સ્મર્યો
તેણે સુખને આમંત્ર્યુ છે અને દુઃખને તિલાંજલિ આપી

મુનિરાજે સમડીને મંત્ર સંભળાવતાં તેનું ચિત્ત નવ
મંત્ર ઉપર ચોંટ્યું, તેના મનમાં શુભ ભાવનો ઉદય થ
અને એ અવસ્થામાં મરણ પામતાં તે સિંહલદ્વીપના રાજ
ત્યાં સુદર્શના નામની કુંવરી રૂપે જન્મી.

સમડી એટલે અતિ હિંસક પક્ષી. તે પ્રાયઃ નરકમાં
જ આવે અને પ્રાયઃ નરકમાં જ જાય. તે અંગે બૃહ
સંગ્રહણીમાં કહ્યું છે કે–

वाला दाढी पक्खी, जलयर नरयाऽऽगयाउ अइकूरा ।
जंति पुणो नरएसु, बाहुल्लेण न उण नियमो ॥

'વ્યાલ એટલે સર્પાદિ, દાઢાળા તે વાઘ-સિંહાદિ
પશુ. પક્ષી એટલે ગીધ-સમળી આદિ, જલચર એટલે મગરમચ્
વગેરે ઘણું કરીને નરકમાંથી આવેલ હોય અને અતિ ક્રૂ

પરિણામવાળા હોવાને લીધે પ્રાયઃ નરકમાં જ જાય. આ વસ્તુ નિયમા નહિ, પણ બાહુલ્યતાથી જાણવી.'

સમળીએ આખી જિંદગી પાપમાં વીતાવી હતી. કોઈ શુભ કાર્ય કર્યું ન હતું, પરંતુ અંત સમયે નવકારને પામી અને તેનું ચિત્ત તેમાં જોડાયું. તેના પ્રભાવે તે મનુષ્યનો ઉત્તમ જન્મ પામી, એટલું જ નહિ પણ રાજકુળમાં જન્મી કે જ્યાં દરેક જાતની સુખોપભોગની સામગ્રી હાજર હતી. આ નવકાર મંત્રનો કેવો અજબ પ્રભાવ!

અંત સમયે નવકાર મંત્ર સાંભળવાથી અને ચિત્ત જોડવાથી પશુ-પક્ષીઓ પણ દેવની ગતિ પામે છે, તો મનુષ્યનું કહેવું જ શું?

વર્તમાન ચોવીશીના તેવીસમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથ ભગવાન અને તેમના પૂર્વજન્મના વૈરી કમઠ યોગીની વાત તો તમે જાણતા જ હશો. વારાણસીમાં ગંગાનદીના કિનારે કમઠ યોગી લાકડાના અગ્નિકુંડ પંચાગ્નિ તપ કરી રહ્યો હતો, તે વખતે કુમાર-અવસ્થામાં રહેલા શ્રી પાર્શ્વનાથ ત્યાં આવી ચડ્યા. ત્યાં પંચાગ્નિથી વાતાવરણ ધગી રહ્યું હતું. તમારે જરૂર કહીએ તો વાત કહીએ. શ્રી પાર્શ્વનાથ પ્રભુએ કહ્યું: 'અમંદ ભૂલ કરો છો. એમાં જીવદયા જાણતા નથી, તેમનો જ્ઞાન અને તેમની ગમ-ગમની જરૂર હોય છે.' કમઠે કહ્યું: 'અમે ઘણા વખતથી પાળીએ છીએ. તેમાં જે ભૂલ થતી હોય તે બતાવો.'

તે જ વખતે શ્રી પાર્શ્વનાથ પ્રભુએ ધગધગતા અગ્નિમાં બળી રહેલું એક લાકડું બહાર

પાસે ચીરાવ્યું, તો તેમાંથી અર્ધપ્રજ્વલિત કાયાવાળો એક નાગ બહાર નીકળી પડયો. આ જોઈ કમઠ ભોંઠો પડ્યો અને તેના અજ્ઞાન તપની હાંસી થઈ. આ બાજુ છેલ્લા શ્વાસ લઈ રહેલા નાગને નવકારમંત્ર સંભળાવવામાં આવ્યો. તે નાગે બરાબર સાંભળ્યોx અને તેનું ચિત્ત તેમાં ચોંટયું, આથી મરણ પામીને ધરણેંદ્ર નામનો મહા ઋદ્ધિવાળો દેવ થયો.

કંબલ અને શંબલ નામના બે બળદો પણ અંતસમયે નવકાર પામતાં કંબલ અને શંબલ નામના દેવ થયાનું પ્રસિદ્ધ છે.

આ રીતે બીજાં પણ અનેક દૃષ્ટાંતો છે, એટલે અંત સમયે નવકાર મંત્ર સ્મરવાથી કે સાંભળવાથી પ્રાણીની સદ્‌ગતિ થાય છે, એ નિશ્ચિત છે.

સુદર્શના મોટી થતાં તેને પૂર્વભવે સાંભળેલો નમસ્કાર કેવી રીતે યાદ આવે છે? પછી તેના જીવનમાં કેવો પલટો થાય છે? તે પોતાના પૂર્વભવના મૃત્યુસ્થાને આવી કેવાં ધાર્મિક કાર્યો કરે છે? વગેરે અધિકાર જાણવાની ઇંતેજારી હોય તો હવે પછી કહેવાશે.

---

x નવકારમંત્રના છંદમાં કહ્યું છે કે—

સાંભળ્યો શ્રી નવકાર સાપ ભૂપ, ઇન્દ્રભુવન અવતાર
[illegible] અંતે [illegible] ચિત્તે, નિત્ય જપીએ નવકાર

અને શ્રી વીરવિજયજી મહારાજે પંચકલ્યાણકપૂજામાં કહ્યું છે કે—

[illegible] નવકાર, ધરણેન્દ્ર બનાયા.

[illegible] શ્રી પાર્શ્વનાથ પ્રભુએ અથવા તો તેમના [illegible]

વ્યાખ્યાન ત્રીજું

નમસ્કારનો અચિંત્ય પ્રભાવ

[૨]

([illegible])

મહાનુભાવો !

નમસ્કાર મંત્રના અચિંત્ય પ્રભાવ વિષે ગત વ્યાખ્યાનમાં કેટલુંક કહેવાયું છે અને [illegible] કહેવાનું છે તે [illegible] વિચાર [illegible] કરવું રહ્યું. [illegible] પરિસ્થિતિમાં [illegible] થઈ શકતું નથી.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે—

> નમસ્કારસમો મંત્રો, શત્રુંજયસમો ગિરિઃ ।
> વીતરાગસમો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ ॥

'નમસ્કાર જેવો મંત્ર, શત્રુંજય જેવો ગિરિ અને વીતરાગ જેવો દેવ અગાઉ કોઈ હતો પણ નહિ અને [illegible] પણ નહીં' તાત્પર્ય કે આ ત્રણે વસ્તુઓ [illegible] [illegible] અજોડ છે, અનન્ય છે, અપૂર્વ છે. અપૂર્વ વસ્તુનો મહિમા અપૂર્વ હોય, પ્રભાવ અચિંત્ય હોય, તેમાં આશ્ચર્ય [illegible]

નમસ્કાર મંત્રનો અચિંત્ય પ્રભાવ [illegible] [illegible] ભગવંતો કહે છે કે—

> [illegible]
> [illegible]

'ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી આરંભેલું કાર્ય ત્યાં સુધી જ થતું નથી કે જ્યાં સુધી આ નવકારને સ્મરવામાં આવ્યો નથી.' તાત્પર્ય કે નવકાર મંત્રના પ્રભાવથી સર્વ કાર્યોની સત્વર સિદ્ધિ થાય છે.

ता सयलाओ सिद्धिओ, मंगलाइं च अहिलसंतेणं ।
सव्वत्थ सया सम्मं, चिंतेयव्वो नमुक्कारो ॥

'તે કારણ માટે સકલ સિદ્ધિઓ અને મંગલને ઈચ્છતા આત્માએ સર્વત્ર, સદા, સમ્યક્ પ્રકારે નવકારને ચિંતવવો જોઈએ.'

સિદ્ધિ અને મંગલની તમે બધા ઈચ્છા રાખો છો, પણ દિવસમાં નવકારમંત્રની ગણના ક્યારે અને કેટલી કરો છો? શ્રાવકનું પ્રથમ કર્તવ્ય નિદ્રામાંથી જાગ્રત થતાં જ નવકારમંત્રનું સ્મરણ કરવાનું છે. 'नवकारेण विबोहो' એ પદથી શાસ્ત્રકાર ભગવંતોએ આ વસ્તુ સ્પષ્ટ કરી છે. પરંતુ આજે તો આ કર્તવ્યપાલનમાં યે શિથિલતા દેખાય છે. કેટલાક પથારીમાંથી ઉઠતાંવેંત ચા દેવીનું સ્મરણ કરે છે. સુધરેલા લોકો તેને બેડ-ટી કહે છે. બેડ-ટી એટલે પથારીમાંની ચા, પથારીમાંથી ઉઠતાં વેંત પીવાની ચા. ઉઠીને પહેલું કામ પરમેષ્ઠિને સ્મરવાનું હોય કે મુખમાં ચા પધરાવવાનું હોય! આ અનાર્ય સંસ્કાર છે, જીવનને બરબાદ કરનાર છે. ત્યાર પછી શ્રાવકે ઉઠતાં બેસતાં, ભોજન લેતાં, બહાર જતાં, રાત્રે સૂતી વખતે, એમ અનેકવાર નવકાર ગણવાનો હોય છે.

કેટલાક કહે છે કે 'આ રીતે વારંવાર નવકાર ગણવાનું પ્રયોજન શું?' પણ પ્રયોજન વિના તો શાસ્ત્રકારો એવો આદેશ આપે જ નહિ. તેઓ એમ ઇચ્છે છે કે સંસાર-વ્યવહારનાં કાર્યો તમે ભલે કરો, પણ તમારું મન તો નવકારમંત્રમાં જ રાખો, જેથી તમારી વૃત્તિ અને પ્રવૃત્તિ બંનેમાં ખાસ્સો સુધારો થશે અને તમે ઉન્નતિ સાધી શકો. આ કારણે તેમણે વારંવાર નવકારમંત્રનું સ્મરણ કરવાનો આદેશ આપેલો છે.

હવે આપણે સુદર્શનાને યાદ કરીએ. તે ધીમે ધીમે મોટી થાય છે અને સ્ત્રીઓને યોગ્ય સર્વ કળાઓ શીખી લે છે. માનસરોવરમાં હંસલીની જેમ તે રાજમહેલમાં સુખચેનથી રહે છે અને સર્વે તેને ખમ્મા ખમ્મા કરે છે.

હવે એક દિવસ એ સુદર્શના રાજસભામાં બેઠી છે, ત્યાં એક સાર્થવાહ આવ્યો. તેનું નામ ઋષભદત્ત હતું. ઋષભદત્ત નામી પણ કેવો પુરુષ પાત્ર કે જેનું નામ બોલતાં પણ કલ્યાણ થતું અને મન પવિત્ર બનતું. પરંતુ તેઓની મનોવૃત્તિ જુદી, તેમ વાણી પણ જુદી અને આજે તો તેમાં નહિ ધાર્યું એવું પરિવર્તન થઈ ગયું છે.

ઋષભદત્ત નવકારમંત્રનો પ્રેમી હતો, એટલે દિવસમાં અનેક વાર નવકારમંત્રનું સ્મરણ કરતો અને જ્યારે બગાસું કે છીંક આવે, ત્યારે 'નમો અરિહંતાણં' એવા શબ્દ ઉચ્ચારતો. દૈવયોગે સભામાં તેને છીંક આવી. એટલે તે 'નમો અરિહંતાણં' એવા શબ્દો બોલ્યો. ખરે

તે રાજકુમારી સુદર્શનાએ બરાબર સાંભળ્યા. એ શબ્દો સાંભળતાં જ તેને એમ લાગ્યું કે આવા શબ્દો મેં ક્યાંક સાંભળ્યા છે ખરા. એ પર વધારે વિચાર કરતાં તેને મૂર્છા આવી ગઈ.

રાજા તથા સભાજનો વિચારમાં પડી ગયા કે એકાએક આ શું થયું? બધાની નજર 'નમો અરિહંતાણં' પદ બોલનાર પેલા શ્રાવક પર પડી. પણ તેના મુખ પર કોઈ જાતનો ગભરાટ ન હતો. સેવકોએ પંખા વડે પવન નાખ્યો અને ઠંડું જળ છાંટ્યું, એટલે રાજકુમારીની મૂર્છા વળી અને તેને પૂર્વભવનું સ્મરણ થયું. તેથી તે કહેવા લાગી કે 'પૂર્વ ભવમાં હું સમડી હતી અને એકવાર આકાશમાં ઊડી રહી હતી, ત્યારે એક શિકારીએ મને બાણ માર્યું તેનાથી ઘવાઈને હું નીચે પડી. તે વખતે મારી આખર વેળા જાણીને પાસે ઊભેલા એક સાધુ-મહાત્માએ મને 'નમો અરિહંતાણં' વગેરે નવકારમંત્રનાં પદો સંભળાવ્યાં. તેના પ્રભાવથી હું અહીં રાજકુમારી તરીકે ઉત્પન્ન થઈ.' આ સાંભળી બધા ચકિત થયા અને નવકારમંત્રનો પ્રભાવ [illegible] ગયા.

સુદર્શનાએ આ મંત્ર પેલા શ્રાવક પાસેથી બરાબર [illegible] અને તે વારંવાર એનું રટણ કરવા લાગી. નવકારમંત્રનો [illegible] છે કે જેમ જેમ તેનું સ્મરણ [illegible] તેમ તેમ મનમાં પ્રત્યે અનુરાગ પ્રગટ થતો જાય અને [illegible] બની જાય. શાસ્ત્ર

જમશેદજીએ ત્યાં સુધી કહ્યું છે કે 'જેઓ આજ સુધીમાં પ્રયત્નશીલ બનતા, પણ તે અને પ્રયાસો. તે ઉપરાંત આ નવસારીમાંનો પ્રયાસ અનુભવ્યો.' વળી તેમણે એમ પણ કહ્યું છે કે 'હિન્દુસ્તાન જેવાની અંદર જેમ જેવાની મુખ્ય ટોળ છે, તેમ ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની અને બીજી ભાષાઓમાં આગેવાનકાર મુખ્ય છે.'

આ રીતે જમશેદજીની નિત્ય નિયમિત [illegible] પ્રગટ થયું.

[illegible]

[illegible]

શ્રીમતીની કથા

પોતનપુર નગરમાં સુવ્રત નામનો શ્રાવક હતો. તે શ્રાવકના આચારમાં ઘણો નિપુણ હતો. તેની પુત્રી શ્રીમતી પણ ઘરના સારા સંસ્કારો પામીને શ્રાવકના આચારમાં નિપુણ બની હતી. શ્રાવકના આચારનું પહેલું પગથીયું નવકારમંત્રની ગણના છે, એ હમણાં જ અમે કહી ગયા. શ્રીમતી શ્રાવકના આચારમાં નિપુણ હોઇને સૂતાં, ઉઠતાં બેસતાં નવકારની ગણના કરતી હતી.

હવે ઉંમર લાયક થતાં તેના રૂપથી મોહ પામીને એક મિથ્યાદૃષ્ટિ શ્રેષ્ઠિપુત્રે તેના હાથની માગણી કરી અને સુવ્રત શેઠને (ઉપરથી શ્રાવક બનીને) કોઈ પણ પ્રકારે સમજાવીને તેની સાથે તેણે ધામધૂમથી લગ્ન કર્યાં. શ્રીમતી સાસરે ગઈ.

શ્રીમતી ઘરનું બધું કામકાજ બરાબર કરે છે અને પોતાનો ધર્મ પણ સાચવે છે. પરંતુ સાસુ અને નણંદ ધર્મદ્વેષને લીધે ઘણો વખત તેનું વાંકું બોલે છે અને તેના પતિના કાન ભંભેરે છે. આખરે તેનો પતિ તેનાથી વિમુખ થાય છે અને બીજી સ્ત્રી પરણવાનો વિચાર કરે છે. પણ શ્રીમતી જીવે ત્યાં સુધી બીજીને પરણવાનું શક્ય નથી, એટલે તે એનું કાસળ કાઢવાનો વિચાર કરે છે. વિષયમાં અંધ બનેલો માનવી આ જગતમાં શું અકાર્ય નથી કરતો ?

શ્રીમતીનો પતિ એક ગારુડિક પાસે સર્પ મંગાવે છે.

તેને ગાડામાં પૂરે છે, તેના પર તાળું દઈ દે છે અને જે ચોર અંદરના અંધારા ઓરડામાં એક ખૂણે બેઠો રહે છે. આ કામ એટલું ચીવટથી કરવામાં આવે છે કે શ્રીમતીને તેની કંઈ પણ ખબર પડતી નથી. પછી પતિ શ્રીમતીને હુકમ કરે છે કે 'અંદરના ઓરડામાં ચોર પેઠો છે, તેમાંથી બહાર કાઢો [illegible]'

પતિનો હુકમ થતાં શ્રીમતી અંદરના ઓરડામાં જાય છે પણ તે વખતે નવકારમંત્રનું રટણ ચાલુ છે. નવકારમંત્રના પ્રભાવ [illegible] હોય, ત્યાં કોઈ પણ [illegible] આવી શકતી નથી.

શ્રીમતી ઓરડામાં દાખલ થઈ. તેણે હાથ ફેરવીને [illegible] અને તેનું ઢાંકણું ઉઘાડી અંદર હાથ નાખ્યો. [illegible]

[illegible]

વાતાવરણને મઘમઘાવતી રહી હતી, પુષ્પોની આવી સુગંધ તેના પતિએ જીવનમાં આ પહેલી જ વાર અનુભવી હતી.

પતિ અજાયબી પામ્યો કે આમ કેમ બન્યું? એટલે તપાસ કરવા અંદર ગયો. ત્યાં પ્રકાશ કરીને જોયું તો ઘડો એ જ હતો, પણ તેની અંદર ભયંકર સાપને બદલે સુગંધી પુષ્પની એક માળા પડેલી હતી. આથી તે બધી વાત સમજી ગયો અને શ્રીમતીના ચરણે પડી વારંવાર પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યો.

શ્રીમતીને તો હવે જ ખબર પડી કે આ તો મને મારી નાખવા માટે કાવતરું રચાયું હતું. પણ નવકારમંત્રના પ્રભાવથી મારો બચાવ થયો છે. આથી તે ધર્મ પ્રત્યે વધારે અનુરાગવાળી થઈ અને પતિને કહેવા લાગી કે 'ગઈ ગુજરી ભૂલી જાઓ અને હજી પણ કલ્યાણનો માર્ગ ગ્રહણ કરો.'

કુટુંબીઓએ આ વાત જાણી, ત્યારે તેમના આશ્ચર્યને અવધિ ન રહી. તેઓ પણ નમી પડ્યા અને પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યા. શ્રીમતીએ એ બધાને ધર્મના માર્ગે ચડાવી પોતાનું કર્તવ્ય અદા કર્યું.

કોઈ એમ માનતું હોય કે નવકારમંત્રના સ્મરણથી ભૂતકાળમાં આવાં પરિણામો આવ્યાં હશે, પણ આજે તો કંઈ જોવામાં આવતું નથી, તો એ ભૂલ છે. આજે પણ નવકારનો એ અચિંત્ય પ્રભાવ બરાબર જોવામાં આવે છે.

થોડા વખત પહેલાં જ્યારે અમારું ચાતુર્માસ ઈન્દોરમાં હતું, ત્યારે મહારાણી સડક [illegible] મીલવાળા શેઠ

પુનમચંદ રૂપચંદ અમારી પાસે પર્યુંષણ પર્વ કરવા આવ્યા. પર્યુંષણ પછી તેઓ બેંગલોરના એક ભાઇ સાથે મ્હૈસુર જવા મોટરમાં નીકળ્યા. રસ્તામાં એ મોટરને અકસ્માત થયો. એ જ વખતે એમના મુખમાંથી 'નમો અરિહંતાણં' એ બે શબ્દો નીકળી પડ્યા. જેમને નવકારમાં શ્રદ્ધા હોય, જે નવકારની રોજ ગણના કરતા હોય તેનાં મુખમાંથી જ અણીના વખતે આવા શબ્દો નીકળે.

પછી શું થયું? તેની તેમને ખબર ન પડી. જ્યારે આંખો ખોલી ત્યારે તેઓ મોટરની બહાર ઉભેલા હતા અને તેમને કંઇ પણ ઈજા થઈ ન હતી. માત્ર બેંગલોરવાળા ભાઇને પગે જરા ઉઝરડો થયો હતો. બાજુમાં તૂટેલી મોટર પડી હતી. તેનો દરવાજો કયારે ખુલ્યો? કેમ ખુલ્યો? ફરી પાછો બંધ કેમ થઈ ગયો? તે વિષે કોઈ કંઈ પણ જાણતું ન હતું એટલે આ ચમત્કારિક બનાવ નવકારમંત્રની મહત્તાથી જ થયો હતો, એ નિશ્ચિત હતું.

આધુનિક યુગમાં નવકારમંત્રની ગણના કરવાથી કેવા અજબ બનાવો બન્યા છે, તેની કેટલીક હકીકતો મુનિ કીર્તિવિજયજીએ (હાલના આચાર્ય શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજીએ) સંસ્કારની સીડી નામના પુસ્તકમાં આપી છે, તે ધ્યાનથી વાંચજો, એટલે આ વિષયમાં કોઇને કંઈ શંકા રહેતી હોય તેનું નિવારણ થઈ જશે.

નવકારમંત્ર વિષે હજી ઘણી અગત્યની વસ્તુઓ કહેવાની છે, તે અવસરે કહેવાશે.

વ્યાખ્યાન ચોથું

નમસ્કાર અનાદિ કાલનો છે.

(મંગલાચરણ કર્યા પછી પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું કે-)

મહાનુભાવો !

શાસ્ત્ર એ દીપક છે; તેના પ્રકાશથી આપણે વસ્તુને બરાબર જોઈ શકીએ છીએ. અથવા શાસ્ત્ર એ ભોમિયો છે, તે આપણને વસ્તુના વિવિધ સ્વરૂપનો પરિચય કરાવે છે. અથવા શાસ્ત્ર એ પ્રપા છે- પરબ છે કે જે આપણી જિજ્ઞાસારૂપી તૃષાને સારી રીતે છીપાવે છે.

આ શાસ્ત્રોના આધારે જ આપણે નમસ્કારનું મહામં- ત્રત્વ જાણી શક્યા તથા તેના અચિંત્ય પ્રભાવથી પરિચિત થયા અને હજી જે કંઈ વિશેષ જાણવું છે, તે પણ તેના આધારે જ જાણી શકીશું. શ્રી પ્રવચનસારોદ્ધારવૃત્તિમાં કહ્યું છે કે 'સર્વમઙ્ગલાનામનન્યકારણત્વ, પ્રથમત્વ, કલિકલ[illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સર્વમઙ્ગલ[illegible]

અહીં [illegible] એ પદ વિશેષ્ય છે અને તેની [illegible] વિશેષણ છે. જે વસ્તુની વિશે[illegible] [illegible] [illegible] વિશેષણ [illegible] સંસ્કૃત ભાષાનું [illegible]

પોરણ છે કે વિશેષ્યની લાગતી વિભક્તિ વિશેષણને પણ લાગે, આ પરથી આપણે જાણી શકીએ છીએ કે અહીં પઞ્ચપરમેષ્ઠિનમસ્કારને ૭ વિશેષણો લગાડવામાં આવ્યા છે. તે શી વિશેષતા બતાવે છે ? તે જોઈએ.

सर्वमन्त्ररत्नानामुत्पत्त्याकरस्य એ વિશેષણથી એમ કહેવામાં આવ્યું છે કે જે સર્વ મંત્રરૂપી રત્નોને ઉત્પન્ન થવા માટે આકર એટલે ખાણ સમાન છે. જેમ મણિ, હીરા, માણેક વગેરે રત્નો રોહણાચલ આદિ પર્વતોની ખાણમાંથી ઉત્પન્ન થાય છે, તેમ બધા મંત્રો નવકાર મંત્રથી ઉત્પન્ન થાય છે.

प्रथमस्य એ વિશેષણથી એમ કહેવામાં આવ્યું છે કે નવકાર એ પ્રથમ છે અર્થાત્ અનાદિ છે, મૂળ છે.

कल्पितपदार्थकरणैककल्पद्रुमस्य એ વિશેષણથી એમ કહેવામાં આવ્યું છે કે જે મનોવાંછિત સર્વ પદાર્થોને પૂર્ણ કરવા માટે અદ્વિતીય કલ્પવૃક્ષ છે. અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે કેટલાક જૈન મહર્ષિઓએ તો નમસ્કારને કલ્પવૃક્ષથી પણ અધિક કહ્યો છે. જેમ કે—

किं एस महारयणं ? किं वा चिन्तामणि व्व नवकारो ?
किं कप्पदुमसरिसो ? न हु न हु ताओवि अहियवरो ॥
चिन्तामणिरयणाइं कप्पतरू एक्कजम्मसुहहेऊ ।
नवकारो पुण पवरो सग्गापवग्गाण दायारो ॥

'શું' આ નવકાર એ મહારત્ન છે ? અથવા ચિંતામણિ સમાન છે ? કે કલ્પવૃક્ષ સમાન છે ? નહિ. નહિ એ તો તેનાથી પણ અધિકતર છે. ચિંતામણિ રત્ન વગેરે તો

માત્ર એક જન્મમાં સુખનું કારણ છે, જ્યારે શ્રેષ્ઠ એવો નવ-
કાર તો સ્વર્ગ અને અપવર્ગ એટલે મોક્ષને આપનારો છે.'

विषविषधरशाकिनीडाकिनीयाकिन्यादिनिग्रहनिरवग्रहस्वभाव
એ વિશેષણથી એમ કહેવામાં આવ્યું છે કે જે વિ
વિષધર, શાકિની, ડાકિની, યાકિની આદિનો નિગ્રહ અ
નિરવગ્રહ કરવાના સ્વભાવવાળો છે. અહીં વિષ શબ્દ
સોમલ, વછનાગ, અફીણ, મસુરીલ, હરતાલ વગેરે સ્થા
વિષો સમજવાના છે, શાકિની, ડાકિની, યાકિની એ મનુષ્ય
વળગનારી જુદી જુદી જાતની વ્યંતરીઓ છે. આદિ શબ્દ
અહીં મનુષ્યને વળગીને પીડા ઉપજાવનાર ભુત, પ્રેત વં
બીજા પણ સમજવાના છે. તેનો નિગ્રહ કરવો એટલે વશ
કરવો અને તેનો નિરવગ્રહ કરવો એટલે તેની અસરમાં
મુક્ત થવું. આ બંને શબ્દો લગભગ સમાન અર્થવાળા
છે, પણ વસ્તુસ્થિતિને વધારે સ્પષ્ટ કરવા માટે અહીં
પ્રકારે યોજાયેલા છે.

सकलजगद्वशीकरणाकृष्ट्याद्यव्यभिचारिप्रौढप्रभावस्य
વિશેષણથી એમ કહેવામાં આવ્યું છે કે જે જગત
વશીકરણ તથા આકર્ષણાદિ કરવામાં અવ્યભિચારી અને પ્રૌ
પ્રભાવવાળો છે. અવ્યભિચારી એટલે જરૂર કાર્યસા
કરી પણ નિષ્ફળ નહિ જનારો અને પ્રૌઢ પ્રભાવવા
એટલે અત્યંત પ્રભાવશાળી. તાત્પર્ય કે નવકાર મંત્ર
આખા જગતનું વશીકરણ અને આકર્ષણાદિ કરવામાં સફળ
થનારો છે તથા અત્યંત પ્રભાવ દેખાડનારો છે.

ચતુર્દશપૂર્વાણાં સારભૂતસ્ય એ વિશેષણથી એમ કહેવામાં આવ્યું છે કે જે ચૌદ પૂર્વનો સાર છે.

આવો જે પંચપરમેષ્ઠિ નમસ્કાર તેનો મહિમાઽત્યદ્ભુતં વર્ત્તતે-મહિમા અતિ અદ્ભુત છે. અહીં પ્રેક્ષાકારીને પ્રશ્ન થાય કે નવકારનો આવો મહિમા અહીં જ દેખાય છે કે બીજે પણ દેખાય છે? તેના સમાધાન માટે વૃત્તિકારે ત્રિજગતિ શબ્દ મૂકેલો છે. ત્રિજગતિ એટલે ત્રણ જગતમાં, ત્રણ લોકમાં, સ્વર્ગ, મર્ત્ય અને પાતાળમાં, તાત્પર્ય કે નમસ્કારનો પ્રભાવ માત્ર મર્ત્ય લોકમાં જ નહિ પણ સ્વર્ગ અને પાતાળમાં પણ દેખાય છે. અહીં પ્રેક્ષાકારીને કદાચ બીજો પ્રશ્ન એવો ઉઠે કે નમસ્કારનો આવો પ્રભાવ ક્યારથી વર્તે છે? તેના સમાધાનમાં વૃત્તિકારે आकालं એવું પદ મૂક્યું છે. आकालं એટલે જ્યારથી કાળ શરૂ થયો ત્યારથી; તાત્પર્ય કે અનાદિ કાલથી.

અહીં કોઈ એમ સમજે કે આ મત-અભિપ્રાય એમનો એટલે વૃત્તિકારનો પોતાનો હશે, એટલે તેઓ ખુલાસો કરે છે કે निष्प्रतिपक्षमेतत् सर्वसमयविदाम्-આ વસ્તુ સર્વ શાસ્ત્રવેત્તાઓને-શાસ્ત્રજ્ઞોને કોઈ પણ જાતના પ્રતિપક્ષ એટલે વિવાદ સિવાય મંજૂર છે.'

આ પરથી એટલું સિદ્ધ થાય છે કે નમસ્કાર મંત્ર અનાદિ કાલથી ચાલ્યો આવે છે. તેણે પોતાનો અચિંત્ય પ્રભાવ ભૂતકાળમાં દેખાડ્યો હતો, હાલ પણ દેખાડે છે અને ભવિષ્યમાં પણ દેખાડશે.

શ્રી નમસ્કારફલપ્રકરણમાં કહ્યું છે કે—

एसो अणाइकालो, अणाइजीवो अणाइजिणधम्मो ।
तइया वि ते पढंता, इसुच्चिय जिणनमुक्कारो ॥

'આ કાળ અનાદિ છે, આ જીવ અનાદિ છે અને આ જૈન ધર્મ પણ અનાદિ છે. જ્યારથી એ છે, ત્યારથી આ જિનનમસ્કાર અર્થાત્ નવકાર મંત્ર ભવ્ય જીવો વડે ભણાય છે.'

અહીં થોડા શબ્દોમાં ઘણું કહેવાયું છે અને તે તમારે બરાબર લક્ષમાં રાખવા જેવું છે, જેથી કોઈના ઉટાંગ પટાંગ લખાણો વાંચીને ભ્રમમાં પડવાનો વખત આવે નહિ.

કાળ અમુક વખતે શરૂ થયો, એમ કોઈ કહી શકશે ખરું? કોઈ એમ કહેતું હોય કે તે અમુક વખતે શરૂ થયો, તો તે પહેલાં શું હતું? એ પ્રશ્ન ઊભો થાય છે. ઉત્તરમાં એમ કહેવામાં આવે કે તે વખતે સર્વ શૂન્ય હતું, તો સર્વ શૂન્યનો ખ્યાલ પણ કાલ સિવાય આવી શકતો નથી. દરેક વસ્તુની વર્તનાનો ખ્યાલ કાલથી જ આવે છે, એટલે યુક્તિથી પણ કાલને અનાદિ જ માનવો પડે છે.

એક રીતે જૈન ધર્મમાં ષટ્સ્થાનની પ્રરૂપણા થયેલી છે. તે આ પ્રમાણે :—

अत्थि जिओ सो निच्चो, कत्ता भोत्ता य पुन्नपावाणं ।
अत्थि धुवं निव्वाणं, तदुवाओ अत्थि छट्ठाणे ॥

'(૧) જીવ છે, (૨) તે નિત્ય છે, (૩) તે શુભાશુભ કર્મનો કર્તા છે, (૪) તે શુભાશુભ કર્મનાં ફળો ભોગવનારો છે. (૫) તે બધાં કર્મમાંથી છૂટો થઈ નિર્વાણ-મોક્ષ પામી શકે છે. (૬) અને તે મોક્ષનો ઉપાય વિદ્યમાન છે.'

નિત્ય એટલે શાશ્વત, સદા કાલ રહેનારો. જે વસ્તુ સદા કાલ રહેનારી હોય તેની ઉત્પત્તિ કેમ થાય? જો ઉત્પત્તિ માનવામાં આવે તો એ વસ્તુ પહેલાં ન હતી, એમ સિદ્ધ થાય અને તેને સદા કાલ રહેનારી ગણી શકાય નહિ. તાત્પર્ય કે એક વસ્તુને નિત્ય કહેવાનો અર્થ જ એ છે કે તે આદિ અને અંત રહિત છે-અનાદિ-અનંત છે. અહીં બીજાં સ્થાનમાં 'તે નિત્ય છે' એમ કહ્યું છે. એટલે આત્માને અનાદિ-અનંત સમજવાનો છે.

ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં પણ આવી જ માન્યતા પ્રકટ કરવામાં આવી છે:

न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो,
न हन्यते हन्यमाने शरीरे ॥ २० ॥

'આ આત્મા કદી જન્મતો કે મરતો નથી. અથવા પૂર્વે નહિ હોય, ફરી નહિ હોય એમ પણ નથી. એ અજ, નિત્ય, શાશ્વત, અને પુરાતન છે, તેથી શરીર હણાય છે, છતાં તે હણાતો નથી.'

અપેક્ષાવિશેષથી આત્માને નિત્યાનિત્ય કહી શકાય, પણ બૌદ્ધો તેને એકાંતે અનિત્ય અથવા ક્ષણિક માને છે, તે યુક્તિયુક્ત નથી. તેઓ કહે છે કે દરેક ક્ષણે નવો આત્મા ઉત્પન્ન થાય છે. જ્યારે તે ઉત્પન્ન થતો બંધ થાય ત્યારે તેનું નિર્વાણ થયું કહેવાય. તાત્પર્ય કે પછી તેનું અસ્તિત્વ જ

રહેતું નથી, એટલે તેને સુખદુઃખ ભોગવવાનો પ્રશ્ન જ ઉ
નથી. પરંતુ આવી માન્યતા ધરાવતા કર્મબંધન અન
થાય અને મોક્ષ પણ અન્યનો થાય એવી સ્થિતિ પેદા ર
છે; કારણ કે જે આત્માએ સારું કે ખોટું કર્મ કર્યું ત
તેનો બંધ પડશે, તે આત્મા બીજી ક્ષણે તો હોતો
નથી. આ તો કથા ખાય એક અને તેનો લાભ થાય બીજા
અથવા ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ એના જેવા ઘ
છે; એટલે તે સિદ્ધાંત અસત્ છે અને તેથી બુદ્ધિમ
મનુષ્યો વડે તેનો સ્વીકાર થઈ શકે એમ નથી.

બાલ્યાવસ્થામાં થયેલો અનુભવ યુવાવસ્થામાં સ્મૃતિ
રહેલો જોવાય છે અને યુવાવસ્થામાં થયેલો અનુભવ વૃદ્ધ
વસ્થામાં સ્મૃતિમાં રહેલો જોવાય છે. જો આત્મા નિત્ય
હોય તો એ કેમ બની શકે ? એટલે આત્મા નિત્ય
શાશ્વત છે અને તેથી તેને કર્મબંધ અને મોક્ષ સંભવે
એમ માનવું જ યુક્તિયુક્ત અને સાચું છે.

જેમ કાલ અનાદિ છે, જીવ અનાદિ છે, તેમ જૈન
ધર્મ પણ અનાદિ છે. તેની શરૂઆત અમુક વખતે થઈ એવું
નથી. આ વસ્તુ અમે પ્રવાહની અપેક્ષાએ કહી રહ્યા છીએ.
બાકી અમુક કાલ પરત્વે તેની આદિ સંભવે છે અને તેથી
જ તીર્થંકરોને आइगराणं અર્થાત્ ધર્મની આદિ કરનારા
કહેવામાં આવે છે. શ્રી ઋષભદેવ ભગવાનને આપણે આદિ-
નાથ, આદિદેવ, યુગાદિદેવ વગેરે શબ્દોથી સંબોધીએ છીએ,
તેમાં આદિ શબ્દ અમુક કાલની અપેક્ષાએ જ સમજવાનો છે.

આજે તો ઇતિહાસ અને પુરાતત્ત્વના વિદ્વાનો પણ એ વાત કબૂલ કરવા લાગ્યા છે કે જૈન ધર્મ અનાદિ છે. મેજર જનરલ ફર્લોંગ કહે છે કે 'જૈન ધર્મના પ્રારંભને જાણવો અસંભવિત છે.' પ્રો. વિરૂપાક્ષ એમ. એ. વેદતીર્થે એવા શબ્દો ઉચ્ચાર્યા છે કે 'જૈન ધર્મ નિઃસંશય પ્રાચીન કાળથી છે; કારણ કે 'अर्हन् इदं दयसे विश्वमभ्वम्' એવા વાક્યો વેદમાં આવે છે.' લોકમાન્ય ટિળક, મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ રાંગણેકર વગેરેએ પણ આવો જ અભિપ્રાય ઉચ્ચારેલો છે. કેટલાક વર્ષો પહેલાં 'જૈન ધર્મની પ્રાચીનતા' કે એવાં જ કોઈ નામે એક પુસ્તક લખાયું હતું, તેમાં આ બાબતનાં ઘણાં પ્રમાણો આપેલાં હતાં. હમણાં અંગ્રેજીમાં 'જૈનીઝમ-ધી ઓલ્ડેસ્ટ રિલિજ્યન ઓફ ધી વર્લ્ડ' નામનું પુસ્તક નીકળ્યું છે, તેમાં પણ આ બાબતનાં ઘણાં પ્રમાણોનો સંગ્રહ છે.' એટલે જૈન ધર્મ અનાદિ છે; એ બાબતમાં કોઈએ કશી શંકા રાખવા જેવું નથી.

હવે આગળ વધીએ અને વિચાર કરીએ કે જો જૈન ધર્મ અનાદિ છે, તો અરિહંતો અનાદિ ખરા કે નહિ? જો અરિહંતો ન હોય તો ધર્મનું પ્રવર્તન ન થાય, માટે તેમને પણ અનાદિ જ માનવા પડે. હવે અરિહંતો નિર્વાણ પામ્યા પછી અવશ્ય સિદ્ધ થાય છે. તેમજ જે જીવો પોતાનાં સકલ કર્મ ખપાવે છે તે પણ સિદ્ધ થાય છે, એટલે સિદ્ધોને પણ અનાદિ જ માનવા પડે. આ વાત તમારા અંતરમાં લખી રાખો કે સિદ્ધશિલાની ઓપનીંગ સેરીમની એટલે ઉદ્ઘાટન ક્રિયા કોઈના હાથે થઈ નથી. એ સ્થાન

તો અનાદિકાળથી ત્યાં જ છે અને મુક્ત જીવોને પોતાના અગ્રભાગે સ્થાન આપી રહેલ છે. ત્યાં ગમે તેટલા જીવો ભેગા થાય તો પણ સંકડાશ પડે એમ નથી, કારણ કે જીવ સ્વભાવે અરૂપી છે, એટલે એક સ્થાનમાં ગમે તેટલી સંખ્યામાં રહી શકે છે.

અરિહંતો નિયમા ધર્મતીર્થને સ્થાપનારા હોય છે, એટલે સાધુ, સાધ્વી, શ્રાવક. શ્રાવિકા વગેરેને પણ અનાદિકાળના જ માનવા પડે. હવે વિચાર કરો કે જ્યાં સાધુ-સાધ્વીનો વિશાળ સમુદાય હોય, ત્યાં આચાર્ય અને ઉપાધ્યાય હોય કે નહિ? જો આચાર્ય ન હોય તો ગચ્છને સાચવે કોણ અને સાધુઓની સારણા-વારણા-ચોયણા-પડિચોયણા કરે કોણ? વળી ઉપાધ્યાય ન હોય તો સાધુઓ દ્વાદશાંગીનું જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક સ્વરૂપ સમજાવે કોણ? તાત્પર્ય કે સાધુઓને અનાદિ માનીએ, તેની સાથે આચાર્ય તથા ઉપાધ્યાયને પણ અનાદિ જ માનવા પડે. આ રીતે જૈન ધર્મને અનાદિ માનતાં પંચપરમેષ્ઠિને પણ અનાદિ માનવા જ પડે. હવે પંચપરમેષ્ઠિ હોય ત્યાં તેમને નમસ્કાર કરવાની ક્રિયા હોય કે નહિ? તેનો વિચાર કરો. જો એવી ક્રિયા ન હોય તો અર્હદ્ભક્તિ, સિદ્ધભક્તિ, આચાર્યભક્તિ, ઉપાધ્યાયભક્તિ, સાધુભક્તિ આદિ તીર્થંકર નામકર્મને બંધાવનારાં સ્થાનો શી રીતે હોય? આ સ્થાનોને એક અથવા વધારે પ્રમાણમાં સ્પર્શ્યા વિના કોઈ આત્મા તીર્થંકર-નામકર્મ બાંધતો નથી. એટલે પંચપરમેષ્ઠિની ભક્તિરૂપ

નમસ્કાર મંત્રને પણ અનાદિ માનવો જ પડે. આથી પ્રસ્તુત ગાથામાં કહ્યું છે કે જ્યારથી જૈન ધર્મ છે, ત્યારથી આ નવકાર મંત્ર ભવ્ય જીવો વડે ભણાય છે.

ઉપાધ્યાય શ્રી લાભકુશળજી મહારાજ નવકાર મંત્રના છંદમાં જણાવે છે કે—

આગે ચોવીશી હુઇ અનંતી, હોશે વાર અનંત;
નવકાર તણી કોઇ આદિ ન જાણે, ઇમ ભાખે ભગવંત.

એટલે નમસ્કાર મંત્ર અનાદિકાલનો છે, એમ આપણે ખાતરીથી માનવું જોઇએ.

આ વિષયમાં હજી કેટલુંક વક્તવ્ય બાકી છે, તે અવસરે કહેવાશે.

વ્યાખ્યાન પાંચમું

નમસ્કાર નિત્ય છે.

(મંગલાચરણ કર્યા પછી પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું કે-)

મહાનુભાવો !

શાસ્ત્રકાર ભગવંતોએ નવકારને-નમસ્કારને જિનશાસનનો સાર કહ્યો છે, એનો અર્થ એમ પણ સમજવાનો કે નવકાર એ જિનશાસનની શોભા છે, જિનશાસનનું ભૂષણ છે અથવા તો જિનશાસનનો પ્રાણ છે. તેના વિના જિનશાસનની કલ્પના જ થઈ શકે નહિ.

અરિહંત અને સિદ્ધ એ બે દેવ છે; તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરુ છે. આ દેવ અને ગુરુ પ્રત્યેના નમસ્કાર-વિનય-ભક્તિને જિનશાસનમાંથી બાદ કરીએ તો બાકી શું રહે ? દેવ-ગુરુ પ્રત્યેના નમસ્કાર-વિનય-ભક્તિ વિના સમ્યક્ત્વ હોય ખરું ? શાસ્ત્રોમાં કહ્યું છે કે-

> धम्मस्स होइ मूलं, सम्मत्तं सव्वदोसपरिमुक्कं ।
> तं पुण विसुद्धदेवाइ-तत्तसद्दहणपरिणामो ॥

'સર્વ દોષોથી વિમુક્ત એવું સમ્યક્ત્વ ધર્મનું મૂળ છે અને તે વિશુદ્ધ દેવ, વિશુદ્ધ ગુરુ અને વિશુદ્ધ તત્ત્વોની પરમ શ્રદ્ધારૂપ છે.'

એટલે દેવ-ગુરુ પ્રત્યેના નમસ્કાર-વિનય-ભક્તિ વિના સમ્યક્ત્વ હોય નહિ, એ સ્પષ્ટ છે. જો સમ્યક્ત્વ ન હોય

તો સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર હોય ખરાં? શાસ્ત્રોમાં કહ્યું છે કે-

નાદંસણિસ્સ નાણં, નાણેણ વિના ન હુંતિ ચરણગુણા ।

'જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી, તેને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થતું નથી, અને જેને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું નથી, તેને સમ્યક્ચારિત્ર પ્રકટ થતું નથી.'

તાત્પર્ય કે સમ્યક્ત્વના અભાવે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પણ સંભવતા નથી. આ રીતે દેવ-ગુરુ પ્રત્યેના નમસ્કાર-વિનય-ભક્તિ વિના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાંથી કંઈ પણ સંભવતું નથી. હવે વિચાર કરો કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વિના જિનશાસન હોય ખરું?

દાન, શીલ, તપ, ભાવ એ બધું શ્રી અરિહંત દેવ અને નિર્ગ્રંથ ગુરુઓની નિશ્રાએ જ પ્રવર્તે છે, તેથી જિનશાસન અને નમસ્કાર એ બંને આપણે અભિન્ન જ માનવા જોઈએ.

શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે 'જેમ તલમાં તેલ, કમળમાં મકરંદ અને સર્વ લોકમાં પંચાસ્તિકાય રહેલ છે, તેમ સકલ આગમોમાં પંચમંગલમહાશ્રુતસ્કંધ અંતર્ગત રહેલ છે.' તેનો વાસ્તવિક અર્થ એ જ કે જિનશાસનનો પ્રાણ નમસ્કાર છે. તેના અભાવે જિનશાસનની કલ્પના કરી શકાય જ નહિ.

કેટલાક કહે છે કે જૈન ધર્મ અનાદિ ખરો, પણ નમસ્કાર તેમાં પાછળથી આવ્યો. આ કથન મકાન પહેલાં બંધાયું અને પાયો તેમાં પાછળથી આવ્યો, એના જેવું છે.

અહીં વિચારવાનું એ છે કે લોહી વિના માંસ, મેદ, અસ્થિ, મજ્જા કે વીર્ય બની જ શી રીતે શકે? એટલે આ મંતવ્ય કોઈ બુદ્ધિમાન મનુષ્યને સ્વીકાર્ય થઈ શકે એવું નથી. જે આત્મા સમકિતી છે, શ્રદ્ધાળુ છે, શાસ્ત્રવચનને પ્રમાણભૂત માનનારો છે, તે તો કદી પણ નવકાર પછીથી રચાયો એવું માને જ નહિ.

આજે કેટલાક વિદ્વાનો જે ધર્મશ્રદ્ધાથી રહિત છે અથવા તો ધર્મશ્રદ્ધામાં અત્યંત ઢીલા છે, તેઓ એવું માનવા-મનાવવાનો પ્રયત્ન કરે છે કે નવકારમંત્ર પાછળથી રચાયો. તે માટે તેઓ કેટલીક શાસ્ત્રપંક્તિઓ દેખાડે છે, પણ તેમાં ચાલબાજી છે. શાસ્ત્રપંક્તિઓ જે હેતુથી લખાઈ હોય તે હેતુને બાજુએ રાખવો અને તેમાંથી લાગતાં જ અનુમાનો તારવવાં એ વિદ્વાનનું લક્ષણ નથી. આમ છતાં આવાઓ વિદ્વાનમાં ખપે છે અને સમાજમાં તેમની વિદ્વત્તાનાં વખાણ થાય છે, એ કાલની બલિહારી છે.

એક દિગમ્બર વિદ્વાને 'ણમોકાર મંત્ર કે આદિ કર્તા' એ નામનો એક લેખ લખ્યો છે* અને તેમાં શ્રી મહાવીરસ્વામી પછી આશરે છસો વર્ષે થયેલા પટ્ખંડાગમ-

* આ લેખ શ્રીમન્ત શેઠ સિતાબરાય લક્ષ્મીચંદ જૈન સાહિ- [illegible] -અમરાવતી દ્વારા પ્રસિદ્ધ થયેલ ષટ્ખંડાગમના [illegible] પુસ્તક [illegible] [illegible]

ષટ્ખંડાગમના કર્તા (આચાર્ય વીરસેનના શિષ્ય) આચાર્ય પુષ્પદંતને નવકાર મંત્રના આદિકર્તા ઠરાવ્યા છે. આ આખોયે લેખ અનેક પ્રકારની વિસંગતિઓથી ભરેલો છે અને કહેવાતા વિદ્વાનો કેવી ભ્રમજાળ રચે છે, તેના એક નમૂના રૂપ છે. તેથી જ અમે અહીં તેની સંક્ષેપથી આલોચના કરવા ઇચ્છીએ છીએ.

આ લેખના બે વિભાગો છે. તેમાં પ્રથમ વિભાગની શરૂઆત કરતાં જણાવ્યું છે કે—

जो ख्याति और प्रचार हिन्दुओंमें गायत्री मन्त्रका है तथा बौद्धोंमें त्रिसरण मन्त्रका है, वही जैनियोंमें णमोकार मन्त्रका है। धार्मिक तथा सामाजिक सभी कृत्यों व विभागों के आरम्भमें जैनी इस मन्त्रका उच्चारण करते हैं। यहि इनका दैनिक जपमन्त्र है। इसकी परम्परागत एक पद्य निम्न प्रकार है, जो नित्य पूजन विधानमें उच्चारण किया जाता है—

एसो पंच-णमोयारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं होइ मंगलं ॥

अर्थात् यह पंचनमस्कार मंत्र सब पापोंका नाश करनेवाला है और सब मंगलोंमें प्रथम (श्रेष्ठ) मंगल है।

લેખનો આ પ્રારંભ ઠીક છે. પરંતુ તેમાં છેવટ જે પાઠ આપ્યો છે, તે બરાબર નથી; કારણ કે દિગંબર જૈન મૂલાચારના ષડાવશ્યકાધિકારમાં 'पढमं हवदि मंगलं' એવો પાઠ છે.

પછી તે કહે છે કે इस मन्त्रका प्रचार [illegible]—

दिगम्बर, श्वेताम्बर, और स्थानकवासियोंमें समानरूपसे पाया जाता है । तीनों सम्प्रदायके प्राचीनतम साहित्यमें भी इसका उल्लेख मिलता है । किन्तु अभी तक यह निश्चय नहिं हुआ कि इस मन्त्रके आदिकर्ता कौन है । यथार्थतः यह प्रश्न ही अभी तक किसीने नहिं उठाया और इस कारण इस मन्त्रको अनादिनिधन एसा पद प्राप्त हो गया है ।'

સંપ્રદાયોની ગણના કરાવતાં તેણે દિગમ્બર નામ પહેલું મૂક્યું છે અને શ્વેતામ્બર નામ પછી મૂક્યું છે, તે એનો દિગમ્બર સંપ્રદાય તરફનો પક્ષપાત બતાવે છે, કારણ કે દિગમ્બર સંપ્રદાય તો ઘણો પાછળથી નીકળેલો છે. પરંતુ એ ચર્ચા અત્યારે અહીં નહિ કરીએ.

તે જણાવે છે કે 'ત્રણે સંપ્રદાયના પ્રાચીનતમ સાહિત્યમાં પણ એનો ઉલ્લેખ મળે છે, પરંતુ હજી સુધી એ નિશ્ચય થયો નથી-કે એ મંત્રના આદિકર્તા કોણ? વાસ્તવમાં આ પ્રશ્ન આજ સુધી કોઈએ ઉઠાવ્યો નથી અને તેથી આ મંત્રને અનાદિનિધન જેવું સ્થાન પ્રાપ્ત થઈ ગયું છે.' આ આખું વિધાન ભ્રાંત છે. પ્રથમ તો ત્રણે ફીરકા પાસે પ્રાચીનતમ સાહિત્ય નથી. સ્થાનકવાસીઓ તો માત્ર ચારસો વર્ષ પહેલાં જ નીકળ્યા, તેમની પાસે પ્રાચીનતમ સાહિત્ય ક્યાંથી હોય? દિગમ્બર સમાજ પાસે પણ પ્રાચીનતમ સાહિત્ય નથી, તેણે મૂળ આગમોમાંથી જુદા પડ્યા પછી કેટલાક ગ્રંથો બનાવ્યા છે. તેને પ્રાચીનતમ શી રીતે કહી શકાય? દિગમ્બરોએ પોતાના મતની પુષ્ટિ માટે નવી ગ્રંથરચનાઓ કરી એટલે 'મૂળ આગમો નષ્ટ પામ્યા છે' શ્વેતામ્બરોનાં આગમો બનાવટી

... વગેરે વસ્તુનો પ્રચાર હતો અને તે હજી પણ ચાલુ છે.
...તુ એ સૂર્યના સામે ધૂળ ઉડાડવા જેવું છે। એથી
...શ્વેતામ્બર અર્વાચીન અને દિગમ્બર પ્રાચીન એવું સિદ્ધ
...માં શબ્દ નથી. આજે જૈનોના તમામ ફીરકાઓમાં પ્રાચીન
સાહિત્ય માત્ર શ્વેતામ્બર મૂર્તિપૂજકો પાસે જ છે અને એ
...વાત વિદેશી તટસ્થ વિદ્વાનોએ પણ કબૂલ રાખી છે.

શ્વેતામ્બરોના પ્રાચીન સાહિત્યમાં એ વસ્તુ સ્પષ્ટ
...રામાં આવી છે કે અર્થની પ્રરૂપણા તીર્થંકરો દ્વારા અને
...ની રચના ગણધરો દ્વારા થાય છે, એટલે પંચમંગલ-
મહાશ્રુતસ્કંધરૂપ નવકારની પ્રરૂપણા પણ અર્થથી તીર્થંકર
...દ્વારા અને સૂત્રની રચના ગણધર દ્વારા થયેલી છે. આ
...વસ્તુ જૈનોકે આગમ તરીકે શ્વેતામ્બર માન્યતાના ... માં
શ્રીમહાનિશીથસૂત્રનું એ પ્રમાણ આપ્યું છે. તેમાં જ સ્પષ્ટ
... છે, પરંતુ ... નમસ્કાર મંત્ર ... ની
... સિદ્ધ કરેલો છે અને ... સુધી ... તેની
... [illegible]
... [illegible]

... [illegible]
... [illegible]
... [illegible]
... [illegible]
... [illegible]
... [illegible]

વળી યુક્તિથી પણ જિનશાસન અને નવકારની અનાદિતા સિદ્ધ થાય છે, એટલે બુદ્ધિમાન મનુષ્યે તો તેને અનાદિ કાલનો માનવો એ જ યોગ્ય છે. પરંતુ જોયું હોય કે જોયા પછી તેના પર તટસ્થતાથી વિચાર કર્યો હોય તો જ સાચું સમજાય ને? શાસ્ત્રોને બાજુએ મૂકવા અને પોતાની બુદ્ધિ લડાવવી એ ખરેખર! ઘણું ખોટું છે. એથી મનુષ્ય સત્યની પ્રાપ્તિ કરી શકતો નથી. ક્યાં સૂર્ય અને ક્યાં આગિયો! ક્યાં સમુદ્ર અને ક્યાં ખાબોચિયું? સર્વજ્ઞ અને સર્વદર્શી મહાપુરુષો આગળ એક સામાન્ય છદ્મસ્થ આત્માની ગુંજાયશ કેટલી? પણ મિથ્યાત્વ કે અભિમાનના આવેશમાં આ વાત સમજાતી નથી. અરે ઉત્સૂત્ર પ્રરૂપણાનો દોષ વહોરી સંસારને વધારી મૂકવામાં આવે છે.

તે આગળ લખે છે : 'किन्तु षट्खंडागम और उसकी टीका धवलाके अवलोकनसे इस णमोकार मन्त्रके कर्तृत्वके सम्बन्धमें कुछ प्रकाश पड़ता है, और इसीका यहां परिचय कराया जाता है।

षट्खंडागमका प्रथम खण्ड जीवट्ठाण है और इस खंडके प्रारम्भमें यही सुप्रसिद्ध मन्त्र पाया जाता है। टीकाकार वीरसेनाचार्यके अनुसार यही उक्त ग्रन्थका सूत्रकारकृत मंगलाचरण है।

પછી તે મંગલ કરવાનો હેતુ, મંગલના નિબદ્ધ અને અનિબદ્ધ એવા બે પ્રકારો, તેમાં ગ્રંથકારનું નિબદ્ધ મંગલ રચેલું વગેરે જણાવી નિબદ્ધ મંગલ બીજાનું બનાવેલું મંગ

મંગલમય મોક્ષની સાધના કરી શકે છે. આ નમસ્કારમંત્ર પરની શ્રદ્ધા ઓછી થાય એવું કંઈ પણ કરવું એ મહાપાપ છે. તેથી સંસાર અનેક ગણો વધી જાય છે અને ભવાંતરમાં વિવિધ દુઃખોનો અનુભવ કરવો પડે છે. આમ છતાં કેટલાક નવકારમંત્રની સાથે ચેડાં કરે છે અને તેના વિષે ગમે તેવા મંતવ્યો પ્રકટ કરી લોકોની શ્રદ્ધા ઓછી કરવાનું મહાપાતક વહોરી લે છે, તેની તો આપણે દયા જ ચિંતવવાની રહી.

હવે પેલા લેખ પર આવીએ. તેના બીજા ભાગમાં તે લખે છે કે–णमोकार मंत्र के सम्बन्धमें श्वेताम्बर सम्प्रदायकी क्या मान्यता है, और उसका पूर्वोक्त मतसे कहां तक सामञ्जस्य या वैषम्य है, इस पर भी यहां कुछ विचार किया जाता है। श्वेताम्बर आगमके अन्तर्गत छह छेदसूत्रोंमेंसे द्वितिय सूत्र 'महानिशीथ' नामका है। इस सूत्रमें णमोकार मन्त्रके विषयमें निम्न वार्ता पाइ जाती है–

'एयं तु जं पंचमंगलमहासुयक्खंधस्स वक्खाणं तं महयापबंधेणं अणंतगमपज्जवेहिं सुत्तस्स य पियभूयाहिं' णिज्जुत्ति-भास-चुण्णीहिं जहेव अणंत-नाण-दंसणधरेहिं तित्थयरेहिं वक्खाणियं तहेव समासओ वक्खाणिज्जंतं आसि। अहऽन्नया कालपरिहाणिदोसेणं ताओ णिज्जुत्ति-भास-चुन्नीओ वुच्छिन्नाओ। इओ य वच्चंतेणं कालेणं समएणं महिड्ढिपत्ते पयाणुसारी वइरसामी नाम दुवालसंगसुअहरे' समुप्पन्ने। तेण य पंच-

मंगल-महासुयक्खंधस्स उद्धारो मूलसुत्तस्स मज्झे लिहिओ । मूलसुत्तं पुण सुत्ताए गणहरेहिं अत्थत्ताए अरिहंतेहिं भगवंतेहिं धम्मतित्थयरेहिं तिलोगमहिएहिं वीरजिणिंदेहिं पन्नवियं ति एस वुड्ढसंपयाओ ।

(महानिशीथसूत्र, अध्याय ५)

इसका अर्थ यह है कि पंचमंगल महाश्रुतस्कंधका व्याख्यान महान प्रबंधसे अनंत गम और पर्यायों सहित, सूत्र की पृथग्भूत निर्युक्ति, भाष्य और चूर्णियों द्वारा जैसा अनंत ज्ञान-दर्शनके धारक तीर्थंकरोंने किया था उसी प्रकार संक्षेपमें व्याख्यान करनेका योग्य था । परन्तु आगे कालपरिहाणि के दोषसे वे निर्युक्ति, भाष्य और चूर्णियां विच्छिन्न हो गई । फिर कुछ काल आगे चल व्यतीत [illegible] महर्द्धिक प्राप्त पदानुसारी वइरसामी (वयरसामी या वज्रस्वामी) द्वादशांग श्रुतके धारक उत्पन्न हुए । उन्होंने पंचमंगल महाश्रुतस्कंधका उद्धार मूलसूत्रके मध्य लिखा । यह मूलसूत्र सूत्ररूपसे गणधरों द्वारा तथा अर्थरूपसे अरिहंत भगवान, धर्मतीर्थंकर त्रिलोकमहित वीरजिनेन्द्र द्वारा प्रज्ञापित है, ऐसा वृद्धसम्प्रदाय है ॥

મહાનિશીથસૂત્રનો પાઠ અને અર્થ [illegible] [illegible] [illegible]

[illegible]

'यद्यपि महानिशीथसूत्रकी रचना श्वेताम्बर सम्प्रदायमें बहुत कुछ पीछेकी अनुमान की जाती है, तथापि उसके रचयिताने एक प्राचीन मान्यता का उल्लेख किया है जिसका अभिप्राय यह है कि इस पंचमंगल श्रुतस्कन्धके अर्थकर्ता भगवान् महावीर है और सुत्ररूप ग्रन्थकर्ता गौतमादि गणधर है। इसका तीर्थंकर कथित जो व्याख्यान था वह कालदोषसे विच्छिन्न हो गया। तब द्वादशांतर्गतश्रुतधारी वयरस्वामीने इस श्रुतस्कन्धका उद्धार करके उसे मूलसूत्रके मध्यमें लिख दिया। श्वेताम्बर आगम में चार मूलसुत्र माने गये हैं- आवश्यक, दशवैकालिक, उत्तराध्ययन और पिंडनिर्युक्ति। इनमेंसे कोइ भी सुत्र वज्रसूरिके नामसे सम्बद्ध नहीं है। उनकी चुर्णियां भद्रबाहुकृत कही जाती है। इन मुल सुत्रो में प्रथम सूत्र आवश्यक के मध्यमें णमोकार मन्त्र पाया जाता है। अतएव उक्त मान्यता के अनुसार संभवतः यही वह मूल सूत्र है जिसमें वज्रसूरिने उक्त मन्त्र प्रक्षिप्त किया।'

મહાનિશીથસૂત્ર પાછળથી રચાયું એવી 'માન્યતા શ્વેતામ્બરોની નથી, એ માન્યતા અન્ય વિદ્વાનોની છે અને એમ માનવામાં તેમણે ભૂલ ખાધી છે, કારણ કે મહાનિશીથ સૂત્રનો જે પાઠ ઉપર આપવામાં આવ્યો, તેની આગળ એમ જણાવ્યું છે કે 'મૂલસૂત્રમાં જ્યાં સૂત્રાલાપકો એક પદની સાથે બીજા પદને અનુલગ્ન ન મળે ત્યાં ઓછું' લખ્યું છે [illegible] દોષ શ્રુતધરોનો ન દેવો; કેમકે મથુરા નગરીમાં સુપાર્શ્વનાથ સ્વામીના સ્તૂપ-સ્તૂપ આગળ પંદર ઉપવાસ કરીને [illegible] શાસનદેવતાએ, [illegible] આદિ વડે

નમસ્કાર નિત્ય છે.

[illegible] અને [illegible] [illegible]
[illegible] એની આગળ તેની [illegible] કરી [illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] તથા [illegible] [illegible]
[illegible] તે [illegible] [illegible]
[illegible] છે. તેનું [illegible]
[illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] અનુમાન [illegible] છે.'

આ [illegible] છે. [illegible] તેની [illegible]
આ [illegible] [illegible] છે. [illegible]
[illegible] [illegible] છે. [illegible]
[illegible] [illegible]
[illegible] આ [illegible] છે.
[illegible] [illegible] છે, [illegible]
[illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] છે. [illegible]
[illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] [illegible]
છે કે [illegible]

છે અને સૂત્રકર્તા ગૌતમાદિ ગણધર છે. પછી તેના આહિકર્તા પુષ્પદંતને ઠરાવવા મથવું એ તો વંધ્યાને પુત્ર હતો, એમ સાબીત કરવા જેવું જ ગણાય ને ?

વળી એ ઉલ્લેખમાં સ્પષ્ટ જણાવ્યું છે કે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ હતી. હવે વિચાર કરો કે કોઈ પણ સૂત્ર પર નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણી વગેરેની રચના ક્યારે થાય ! તેની પરંપરા ચાલુ હોય તો જ ને ? પરંતુ જેને મારી-મચડીને પોતાની વાતને સિદ્ધ કરવી છે, તે આ બધાનો વિચાર શા માટે કરે ? નવકારમંત્ર પરની નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિઓ કાલદોષથી વિચ્છિન્ન થઈ, એનો અર્થ એ નથી કે નવકારમંત્ર પણ વિચ્છેદ ગયો. એ તો સમસ્ત જૈનસંઘનાં હૃદયમાં ધબકતો હતો અને તેની દિવસમાં અનેક વાર ગણના થતી હતી, તે વિચ્છેદ શી રીતે જાય ? દ્વાદશાંગશ્રુતધર પદાનુસારી લબ્ધિવાળા શ્રીવજ્રસ્વામીએ પંચમંગલ મહાશ્રુતસ્કંધનો ઉદ્ધાર મૂલસૂત્રમાં લખ્યો, એનો અર્થ તો એટલો જ થાય કે તેમણે વિચ્છિન્ન થયેલ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી વગેરેનો સાર જ્ઞાનબળથી જાણીને મૂલસૂત્રમાં લખ્યો.

દિગમ્બર લેખક કહે છે કે 'આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન અને પિંડનિર્યુક્તિ એમાંથી કોઈ પણ સૂત્ર વજ્રસ્વામીનાં નામ સાથે સંબંધ ધરાવતું નથી. એની ચૂર્ણીઓ ક્રમાનુસાર કહેવામાં આવે છે.' એને એ પણ ખબર નથી કે નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણી એ ત્રણે જુદી જુદી વસ્તુઓ

છે અને શ્રીભદ્રબાહુસ્વામીએ ચૂર્ણિઓ નહિ, પણ આ સૂત્ર પર નિર્યુક્તિઓ રચેલી છે.

શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક સૂત્ર પર નિર્યુક્તિ રચી, તેમાં પ્રથમ રચના નમસ્કારનિર્યુક્તિની કરી છે, એ વાત લેખકના લક્ષમાં હોય એમ લાગતું નથી. અને લક્ષમાં હોય તો તેણે એ વસ્તુ પર કેમ પરામર્શ ન કર્યો ? એ એક પ્રશ્ન છે. અને આવશ્યકમાં નમસ્કાર ન હોય તો તેના પર નિર્યુક્તિની રચના થાય શી રીતે ? અને આવશ્યકની રચના તો ગણધર ભગવંતોએ કરી છે, એ સિદ્ધ છે.

આ લેખમાં લેખકે વજ્રસ્વામીના સમય અંગે કેટલીક ચર્ચા કરી છે, પરંતુ તે ઉહાપોહ છે અને તેની સાથે પ્રસ્તુત વિષયને વિશેષ સંબંધ નથી. છેવટે લેખકે આવશ્યક સૂત્રને યાદ કર્યું છે, પણ તેમાં પાંચમું પદ 'નમો લોએ સવ્વસાહૂણં' ને બદલે, 'નમો સવ્વસાહૂણં' બતાવ્યું છે, એનું કારણ એમ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે મૂળ આગમમાં નવકાર નહિ આવેલો હશે, એ ભ્રમણા છે. તેથી પાંચમાં પદમાં ફેર છે. પરંતુ આ વસ્તુ બરાબર નથી. શ્રી ભગવતી સૂત્રમાં પણ પાંચમું પદ 'નમો લોએ સવ્વસાહૂણં' જ છે. વળી આવશ્યક સૂત્ર જેવા પ્રાચીન ચૂર્ણિકારે તેના પર ટીકા રચેલી છે, તેથી [illegible] છે.

पाया जाता है और जिसका समय ईस्वी पूर्व अनुमान किया जाता है, उसमें आदि मंगल इस प्रकार पाया जाता है-

नमो अरहंताणं । नमो सव्व सिद्धाणं ।

ये पाठभेद प्रासंगिक है या किसी परिपाटीको लिये हुए है, यह विषय विचारणीय है ।'

આ લેખનો સમયનિર્ણય તટસ્થ ઐતિહાસિક વિદ્વાનોએ ઈ. સ. પૂર્વેનો કરેલો છે, અને તેમાં કોઇ વિવાદ નથી; એટલે નવકાર મંત્ર આચાર્ય પુષ્પદંત પહેલાં પણ આ દેશમાં પ્રચલિત હતો, એ વાત સિદ્ધ થાય છે.

વળી મથુરાના શિલાલેખો કે ડૉ. કનિંગહામે સંપાદિત કરી આર્કીઓલૉજિકલ સર્વે ઑફ ઇંડિયાના વીશમા વૉલ્યુમમાં નં ૧૧ અને નં. ૧૩ની પ્લેટમાં પ્રસિદ્ધ કર્યા છે, તેમાં પણ नमो अरहंताणं અને नमो सिद्धाणं એ બે પદ જોવામાં આવે છે. તે લેખમાં ચતુર્વિધ સંઘનો પણ ઉલ્લેખ છે અને તે વિ સં. ૧૪૦માં લખાયેલો છે. પરંતુ આ વસ્તુ લેખકના ધ્યાનમાં નથી, એટલે તેને એની નોંધ પોતાના લેખમાં લીધી નથી.

પાપ છે.' હજી સુધી કોઈ શ્વેતાંબર આચાર્યે નવકારને એનાં માન્યો નથી. માન્યો હોય તો તે પ્રમાણ રજુ કરવાની જરૂર હતી.

આ ઉપરથી તમે જોઈ શકશો કે દ્વેતાના સિદ્ધાંતો શાસ્ત્રની પંક્તિઓનો કેવો દુરૂપયોગ કરે છે અને તેમાંથી કેવાં ખોટાં અનુમાનો ખેંચી લોકોને ભમાવ્યા કરે છે. આ લોકોની એક મોટી ખામી એ પણ છે કે તેઓ આપણા માનનીય પૂર્વાચાર્યોને ભદ્રબાહુ, હરિભદ્ર, હેમચંદ્ર, યશો-વિજય એમ તોછડાઈથી સંબોધે છે અને તેમની આગળ શ્રી વિશેષણ લગાડવા જેટલીય સભ્યતા બતાવતા નથી. કોઈ વિદેશી વિદ્વાન કે જેને ધર્મ સાથે સ્નાન-સૂતક નથી, પણ માત્ર સાહિત્યનો જ સંબંધ છે, તે આવું લખે તે હજી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિદ્વાન [illegible] [illegible] [illegible] [illegible] માનનીય પૂર્વાચાર્યોને આ રીતે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે તેઓ પોતાની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—

इहलोयपरलोयसुहयरो, इहपरलोयदुहदलपच्चलओ।
एस परमेट्ठिविसओ, भत्तिपउत्तो नमुक्कारो ॥

'પરમેષ્ઠિવિષયક ભક્તિથી પ્રયુક્ત થયેલો આ નવકાર આલોક અને પરલોકમાં સુખને કરનારો છે તથા આલોક અને પરલોકનાં દુઃખોને હણનારો છે.'

किं वन्निएण बहुणा ? तं नत्थि जयम्मि जं किर न सक्को
काउं एस जियाणं, भत्तिपउत्तो नमुक्कारो ॥

'વળી બહુ વર્ણન કરવાથી શું ? આ જગતમાં તે કોઈ જ નથી, જે જે ભક્તિયુક્ત આ નવકાર વડે જીવો પ્રાપ્ત ન થાય.'

पत्ता पाविस्संती पावंति य परमपयपुरं जे।
पचनमुक्कारमहारहस्स सामत्थजोगेणं ॥

'પરમપદપુર એટલે મોક્ષને જેઓ પામ્યા છે, પામશે અને પામે છે, તે સર્વે પંચ નમસ્કાર રૂપી મહારથના સામર્થ્યયોગે જ છે.'

૯૭ નવકાર મંત્ર વિષે ઘણું કહેવાનું છે, તે અવસરે કહેવાશે.



વ્યાખ્યાન ત્રીજું

નમસ્કારનું ભાવ સ્વરૂપ

[૩]

([illegible] પૂર્ણ ગુરુદેવ ફરમાવે છે:-)

...ાનુભાવો !

અરિહંત પરમાત્માની, [illegible] ભક્તિમાર્ગ, [illegible] છે. તેની [illegible]

...મિક નમસ્કાર [illegible] થાય છે. તેને કોઈ [illegible]

...ણો મનોભાવિત [illegible] થાય [illegible] તેનો [illegible]

...રતી નથી; [illegible] નથી.

...છે. અને [illegible] તેને [illegible] નથી.

આ નમસ્કાર [illegible] તે માટે [illegible]

[illegible]

વધઘટ થાય એમાં શું થઇ ગયું? અને તેઓ અક્ષરની સંખ્યા માટે જોઈએ તેવી કાળજી રાખતા નથી. પણ એક અક્ષરની વધઘટ થતાં અર્થનો અનર્થ થઈ જાય છે. 'હે મહાનુભાવો! તમે માનને મારો' એમ કહ્યું હોય તેમાં (માન પછી) માત્ર વ ઉમેરી દેવામાં આવે તો 'હે મહાનુભાવો! તમે માનવને મારો' એવું વાક્ય બને અને તેનો અર્થ તદ્દન જ ફરી જાય. 'માનને મારો' એટલે અભિમાન કરો નહિ, નમ્રતા ધારણ કરો અને 'માનવને મારો' એટલે મનુષ્યનો સંહાર કરો. બંને અર્થમાં કેટલો ફેર પડી ગયો! એકમાં કષાયને જીતવાનો ઉપદેશ છે અને તે આત્મવિકાસને સાધનારો છે. જ્યારે બીજામાં હિંસાનો ઉપદેશ છે અને તે આત્માનું અધઃપતન કરનારો છે, એક માણસે બહારગામથી પોતાના પુત્રો પર ચિઠ્ઠિ લખી કે 'આને વિષ દેજો' એટલે ઝેર દઇને મારી નાખજો. પરંતુ એ ચિઠ્ઠીમાં ષ પછી યા ઉમેરાયો એટલે 'આને વિષયા દેજો' એવું વાક્ય બન્યું અને તેથી પુત્રીએ વિષ આપવાને બદલે પોતાની બહેન વિષયાને તેની સાથે પરણાવી દીધી! માત્ર એક અક્ષરના ઉમેરાનું આ કેવું પરિણામ!

અક્ષરનો ઘટાડો પણ આવો જ અનર્થ પેદા કરે છે, 'હે દેવાનુપ્રિયો! ભોગાસક્ત ન બનો' એમ કહ્યું હોય તેમાંથી ન ઘટાડી નાખવામાં આવે તો 'હે દેવાનુપ્રિયો! ભોગાસક્ત બનો' એવું વાક્ય બને અને તેનો અર્થ તદ્દન જ ઉલટો થઈ જાય.

કોઈ ગુરુએ આ શિષ્યોને યોગ્ય જાણીને જુદી જુદી
વિદ્યાઓ આપી અને તેનો આમ્નાય એટલે વિધિ પણ
બતાવ્યો. શિષ્યોએ એ પ્રમાણે સાધના કરી તો વિદ્યા પ્રગટ
થઈ, પણ કોઈ મોટા મોટા [illegible] અને બીજી એક
[illegible]. ગુરુએ વિચાર્યું કે સ્વરૂપ બદલ્યું છે. તેનાથી
[illegible] ભિન્ન છે. એટલે આતુર શિષ્યો [illegible] થયા કે
આમાં કોઈ અક્ષર [illegible] થયો છે. તેથી તેમણે એ
વિદ્યાનો પાઠ ઠીક કરી દીધો અને ફરી સાધના કરી ત્યારે
તે વિદ્યાઓએ પોતાનું સ્વાભાવિક [illegible] દર્શન દીધું
અને તે શિષ્યોનું [illegible] કાર્ય કર્યું.

[illegible] તાત્પર્ય એ કે [illegible] ગ્રંથ [illegible]
[illegible] તેનો કોઈ પણ અક્ષર [illegible] નહિ. તેનું [illegible]
[illegible] છે.

[illegible] ૯ છે. [illegible] ૯ છે અને [illegible]
[illegible] છે. આ ૯ [illegible]
[illegible]
[illegible]

[illegible] છે.

एसो पंच-नमुक्कारो, — એ છઠ્ઠું પદ.
सव्व-पावप्पणासणो । — એ સાતમું પદ.
मंगलाणं च सव्वेसिं । — એ આઠમું પદ.
पढमं हवइ मंगलं ॥ — એ નવમું પદ.

અહીં પદથી શબ્દસમૂહ સમજવાનો છે. જો विभक्त्यन्तं पदम्-વિભક્તિવાળું તે પદ એ વ્યાખ્યાનો સ્વીકાર કરીએ તો નવકારમાં કુલ ૨૦ પદો છે. તે આ પ્રમાણે:

(૧) नमो (૨) अरिहंताणं ।
(૩) नमो (૪) सिद्धाणं ।
(૫) नमो (૬) आयरियाणं ।
(૭) नमो (૮) उवज्झायाणं ।
(૯) नमो (૧૦) लोए (૧૧) सव्वसाहूणं ॥
(૧૨) एसो (૧૩) पंच-नमुक्कारो,
(૧૪) सव्व-पावप्पणासणो ।
(૧૫) मंगलाणं (૧૬) च (૧૭) सव्वेसिं,
(૧૮) पढमं (૧૯) हवइ (૨૦) मंगलं ॥

આ પદોનો ખ્યાલ રાખવાથી અર્થ સમજવામાં સરળતા પડે છે. કેટલાક पंच અને नमुक्कारो એમ બે પદ પાડે છે, પણ તે અયોગ્ય છે, કારણ કે पंच-नमुक्कारो સામાસિક પદ છે અને તેને એક જ ગણવું જોઈએ. पंच શબ્દને જુદો પાડીએ તો ત્યાર પછી આવતાં नमुक्का[illegible] પદને બહુવચનમાં મૂકવું પડે અને તેને બહુવચનમાં મૂ[illegible] તો વ્યાકરણની મર્યાદા [illegible] पावप्पणासणोની [illegible]

છે, તેમાં આઠ લઘુ અને એક ગુરુ છે, सव्वसाहूणं નો व्व અક્ષર ગુરુ છે.

આ રીતે પ્રથમ પાંચ પદમાં ૩૫ અક્ષરો છે, તેમાં ૩૨ લઘુ ગુરુ છે.

છઠ્ઠા પદ एसो पंच-नमुक्कारो માં અક્ષરો આઠ છે, તેમાં સાત લઘુ અને એક ગુરુ છે. पंच-नमुक्कारो નો क्का અક્ષર ગુરુ છે.

સાતમા પદ सव्व-पावप्पणासणो માં અક્ષરો આઠ છે, તેમાં છ લઘુ અને બે ગુરુ છે. આ પદમાં व्व અને प्प એ બે અક્ષરો ગુરુ છે.

આઠમાં પદ मंगलाणं च सव्वेसिं માં અક્ષરો આઠ છે. તેમાં સાત લઘુ અને એક ગુરુ છે. सव्वेसिं નો व्वे અક્ષર ગુરુ છે.

નવમા પદ पढमं हवइ मंगलं માં અક્ષરો નવ છે, તે નવેય લઘુ છે.

આ રીતે નમસ્કારમંત્રમાં છેલ્લાં ચાર પદો કે જે ચૂલિકા કહેવાય છે, તેમાં કુલ ૩૩ અક્ષરો છે, તેમાંના ૪ ગુરુ છે અને ૨૯ લઘુ છે.*

શ્રીમહાનિશીથસૂત્રમાં નવકારને પાંચ અધ્યયન અને એક ચૂલિકારૂપે કહ્યાં છે અને તેમાં અક્ષરોની સંખ્યા

* [illegible]

તરીકે કહ્યાં છે, જિન સિદ્ધાંતના રહસ્યભૂત જેના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યાં છે અને જેની આઠ સંપદાઓને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારી આઠ અનુપમ સિદ્ધિઓ તરીકે વર્ણવી છે.'

આ પરથી તમે સમજી શકશો કે નમસ્કારમાં નવ પદ, આઠ સંપદા અને અડસઠ અક્ષરો હોવાની માન્યતા શાસ્ત્રપરંપરાથી એક સરખી ચાલી આવે છે અને આરાધક આત્માઓ તેને આજે એ પ્રમાણે જ ભણે-ગણે છે.

ઓરીસાની હાથીગુફાવાળા લેખમાં પ્રથમનાં બે પદો છે અને મથુરાના શિલાલેખનાં પણ પ્રથમનાં બે પદો છે, તે પરથી કેટલાક એવી કલ્પના કરે છે કે નવકારમાં મૂળ બે પદો જ હશે અને બાકીનાં પદો પાછળથી જોડાયાં હશે. પણ આ કલ્પના ખોટી છે, નિરાધાર છે. કોઈએ દેવને નમસ્કાર કરવા માટે પ્રથમનાં બે પદો ગ્રહણ કર્યાં, તેટલા પરથી નવકાર માત્ર બે પદનો હતો, એવું કહી શકાય નહિ. એમ તો કાર્યોત્સર્ગ પારતાં માત્ર 'नमो अरिहंताणं' એ એક જ પદ બોલાય છે, તેથી શું એમ કહેવાશે ખરું કે નવકાર માત્ર એક પદનો જ બનેલો હોવો જોઈએ? વંદિત્તાસૂત્રનાં મંગલાચરણમાં એમ કહેવામાં આવે છે કે-

वंदित्तु सव्वसिद्धे, धम्मायरिए अ सव्वसाहू अ ।
इच्छामि पडिक्कमिउं, सावग-धम्माइआरस्स ॥

'સર્વ સિદ્ધ ભગવંતોને, ધર્માચાર્યોને તથા સર્વ

વ્યાખ્યાન આઠમું

નમસ્કારનું આંતરિક સ્વરૂપ

(મંગલાચરણ કર્યા પછી પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું કે-)

મહાનુભાવો !

ગત વ્યાખ્યાનમાં તમને નમસ્કાર મહામંત્રનાં સ્વરૂપનો પરિચય કરાવ્યો અને તે નવપદ તથા અડસઠ અક્ષરવાળો હોવાનું સપ્રમાણ સિદ્ધ કર્યું. હવે આજનાં વ્યાખ્યાનમાં તેનાં આંતરિક સ્વરૂપનો પરિચય કરાવીશું.

આંતરિક સ્વરૂપ એટલે મંત્રનો અર્થદેહ. તેનાથી પરિચિત થવા માટે તેના પ્રત્યેક શબ્દનો અર્થ બરાબર જાણવો જોઈએ. એટલે પ્રથમ તેનાં પ્રત્યેક પદનો અર્થ જણાવીશું અને પછી તેના ભાવ તથા રહસ્ય પર વિવેચન કરીશું.

પ્રથમ નવકારનો અર્થ સમજીએ, કોઈકે એવી કલ્પના કરી છે કે જેમાં નવકાર હોય તેનું નામ નવકાર. અહીં નવપદથી નવની સંખ્યા ગણી છે અને કારથી પદનું સૂચન કર્યું છે, પણ આ અર્થ ઠીક નથી. કારનો અર્થ પદ કરવો એ વ્યાકરણ કે કોષ કોઈને સંમત અર્થ નથી. કાર શબ્દથી અધિકારનું સૂચન થાય છે. પણ નવકારમાં નવ અધિકારો નથી. સત્ય હકીકત એ છે કે નવકાર શબ્દ નમસ્કારનું જ રૂપાંતર છે. તે રૂપાંતર કેવી રીતે થયું ! તે તમને જણાવીએ છીએ.

એટલે હાથ જોડવા, મસ્તક નમાવવું, ઘૂંટણે પડવું વગેરે. ભાવનમસ્કાર એટલે જેમને નમસ્કાર કરતા હોઇએ તેમના પ્રત્યે વિનય રાખવો, ભક્તિ રાખવી, ઉત્કટ આદર રાખવો. 'એ મોટા, હું નાનો,' એવી ભાવના પ્રગટ્યા સિવાય ભાવ-નમસ્કાર થાય નહિ.

નમો પદમાં નમસ્કારની ભાવના છે, તે ધર્મનું બીજ છે, એટલે નવકારનો પ્રારંભ ધર્મબીજથી થાય છે, એમ સમજવાનું છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે શ્રી લલિતવિસ્તરા-ચૈત્યવંદનવૃત્તિમાં કહ્યું છે કે धर्मं प्रति मूलभूता वन्दना ધર્મ પ્રત્યે લઇ જનારી મૂળભૂત વસ્તુ વંદના છે. નમસ્કાર છે.

વળી નમો પદમાં ओम् પણ છૂપાયેલો છે. અમારા આ વિધાનથી તમને કદાચ આશ્ચર્ય થશે, પણ આશ્ચર્ય પામવાનું કારણ નથી. બરાબર નિરીક્ષણ કરો તો આ વસ્તુ પ્રત્યક્ષ દેખાશે. નમો પદમાં न् + अ + म् + ओ એ ચાર વર્ણો છે. હવે તે વર્ણોને ઉલટાવો એટલે ओ + म् + अ + न એવો ક્રમ થશે. તેમાંના પ્રથમ બે વર્ણના સંયોજનથી ओम्‌ની નિષ્પત્તિ થાય છે.

અરિહંત એટલે अर्हत्. नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्व-साधुभ्यः—એ સૂત્રમાં અરિહંતના સ્થાને अर्हत् શબ્દ મૂકાયેલો છે. अर्हत् શબ્દ अर्ह ધાતુ પરથી બનેલો છે કે જે યોગ્ય હોવાનો અર્થ દર્શાવે છે, એટલે જે મહાપુરુષ સુરા-સુરનરેન્દ્રની પૂજાને યોગ્ય હોય તે અર્હત્ કહેવાય. શ્રી ભદ્રબાહુ-સ્વામીએ આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે-

ધર્મતીર્થંકર કે તીર્થંકર કહેવાય છે, રાગદ્વેષને પૂરેપૂરા જિતનારા હોવાથી જિન કહેવાય છે અને સર્વ પુરુષોમાં ઉત્તમ હોવાથી પુરુષોત્તમ કહેવાય છે. આ રીતે તેઓ બીજાં પણ અનેક નામોથી ઓળખાય છે.

અરિહંતની સુદેવ કે આદર્શ દેવ તરીકે ગણના થાય છે, કારણ કે તેઓ સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ અને સર્વ શક્તિમાન હોય છે. તેમનામાં દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, રાગ અને દ્વેષ એ અઢાર દોષો હોતા નથી.

સુખ, (૪) અનંત ચારિત્ર, (૫) અક્ષય સ્થિતિ, (૬) અરૂપીપણું, (૭) અગુરુલઘુત્વ એટલે નહિ ભારેપણું કે નહિ હલકાપણું, અને (૮) અનંત વીર્ય.

સિદ્ધના આત્મામાં સમસ્ત લોકને ડોલાવી શકે એવી શક્તિ હોય છે, પણ તેમને એ શક્તિનો ઉપયોગ કરવાનું કોઈ પ્રયોજન હોતું નથી.

આચાર્ય એટલે જ્ઞાનાચાર આદિ પાંચે આચારનું પાલન કરનારા અને બીજાની પાસે કરાવનારા. તે ગચ્છના નાયક હોય અને સારણા, વારણા, ચોયણા, પડિચોયણા વગેરે× સાધુઓની સાર સંભાળ કરે તથા શાસનની ઉન્નતિ માટે સદા પ્રયત્નશીલ રહે.

આચાર્ય છત્રીશ ગુણોથી ઓળખાય છે. આ ગુણોની ગણના પંચિંદિયસૂત્રમાં આવે છે, એટલે તમે તે જાણતા તો હશો જ. પંચિંદિય સંવરણો એટલે પાંચ ઇન્દ્રિયોના વિષય પર કાબૂ રાખનાર, તહ એટલે તથા, નવવિહબંભચેરગુત્તિધરો એટલે નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડને ધારણ કરનાર, ચઉવિહકસાયમુક્કો એટલે ચાર પ્રકારના કષાયથી મુક્ત, ઇઅ અટ્ઠારસગુણેહિં સંજુત્તો-આ પ્રમાણે અઢાર ગુણોથી યુક્ત.

× આચાર્ય પોતાના હાથ નીચે રહેલા સાધુઓને મહાવ્રતાદિ [illegible] સ્મરણ કરાવે તે સારણા, [illegible] હોય કે [illegible] તેનું નિવારણ કરે તે વારણા; તેમને કંઈ [illegible] પ્રેરણા કરે તે ચોયણા અને [illegible] પ્રેરણા કરે તે પડિચોયણા.

(૨) મૃષાવાદવિરમણવ્રત, (૩) અદત્તાદાનવિરમણવ્રત, (૪) મૈથુનવિરમણવ્રત અને (૫) પરિગ્રહવિરમણવ્રત. આ પાંચ મહાવ્રતો અનુક્રમે અહિંસા, સત્ય, અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહની ઉચ્ચતમ અવસ્થા સૂચવનારા છે.

પાંચ આચાર તે (૧) જ્ઞાનાચાર, (૨) દર્શનાચાર (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર.

પાંચ સમિતિ તે (૧) ઈર્યાસમિતિ, (૨) ભાષાસમિ (૩) એષણાસમિતિ, (૪) આદાન-ભંડમત્તનિક્ષેપણાસમિ અને (૫) પારિષ્ઠાપનિકાસમિતિ.

ત્રણ ગુપ્તિ તે (૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ અ (૩) કાયગુપ્તિ.

આચાર્યના છત્રીશ ગુણોની ગણના બીજી રીતે થાય છે, પરંતુ તમે આટલું લક્ષમાં રાખો તો બસ.

ઉપાધ્યાય એટલે સાધુઓને શાસ્ત્રનો અભ્યાસ કરાવન તેની વ્યાખ્યા શાસ્ત્રકારોએ આ પ્રમાણે કરી છે : उप सा ऽधिवसनात् श्रुतस्य आयो लाभो भवति येभ्यस्ते उपाध्याया જેમની સમીપે રહેવાથી શ્રુતનો આય અર્થાત્ લાભ તે ઉપાધ્યાય કહેવાય.

ઉપાધ્યાય ૨૫ ગુણોથી અલંકૃત હોય છે. તે ૧૧ ભણાવે, ૧૨ ઉપાંગ ભણાવે તથા ચરણસિત્તરી અને ક સિત્તરીથી યુક્ત હોય.

અગિયાર અંગસૂત્રનાં નામો આ પ્રકારે જા (૧) આચાર, (૨) સૂત્રકૃત, (૩) ઠાણ, (૪) સમવાય,

૪ પિંડવિશુદ્ધિ	૫ ઇંદ્રિયોનો વિરોધ
૫ સમિતિ	૨૫ પ્રતિલેખના
૧૨ ભાવનાઓ	૩ ગુપ્તિઓ
૧૨ પ્રતિમા	૪ અભિગ્રહો

કુલ ૭૦

સાધુ એટલે નિર્વાણમાર્ગની સાધના કરનાર અ સ્વહિત અને પરહિત એમ ઉભયહિતને સાધનાર. તે મ વીશ ગુણોથી ઓળખાય છે.

પાંચ મહાવ્રતો	૫
રાત્રિભોજનનો ત્યાગ	૧
છ કાયના જીવોની રક્ષા	૬
પાંચ ઇન્દ્રિયો પર સંયમ	૫
ત્રણ ગુપ્તિ	૩
લોભ રાખે નહિ.	૧
ક્ષમા ધારણ કરે.	૧
ચિત્તને નિર્મળ રાખે.	૧
વસ્ત્ર વગેરેની શુદ્ધ પડિલેહણા કરે	૧
સંયમમાં રહે (પ્રેક્ષા-ઉપેક્ષાદિ	૧
સંયમ કરે, અવિવેકનો ત્યાગ કરે.)	૧
પરિષહો સહન કરે	૧

કુલ ૨૭

આપણા અત્યંતર ગુણોમાં પાંચ મહાવ્રત અને

પંચનમસ્કાર કેવો છે? તે પછીનાં પદોમાં બતાવ્યું છે. સવ્વ એટલે સર્વ, બધાં. પાવ એટલે પાપ કે અશુભ કર્મ. અને પ્રણાશક એટલે અત્યંત નાશ કરનાર, મૂળથી નાશ કરનાર. સામાન્ય નાશ થયો હોય તો વસ્તુ ફરી આવે કે ઉત્પન્ન થાય, પણ જેનો અત્યંત કે મૂળથી નાશ થયો હોય, તે ફરી આવે નહિ કે ઉત્પન્ન થાય નહિ.

મનુષ્યને જે દુઃખ, કષ્ટ કે આપત્તિનો અનુભવ થાય છે, તે અશુભ કર્મના ઉદયને લીધે થાય છે. પરંતુ આ અશુભ કર્મનો સંપૂર્ણ નાશ થઈ જતો હોય તો પછી કોઈ દુઃખ, કષ્ટ કે આપત્તિનો અનુભવ થવાનો પ્રસંગ આવે નહિ. તાત્પર્ય કે પંચપરમેષ્ઠિને કરાયેલો આ નમસ્કાર સર્વ પાપોનો અને પરિણામે સર્વ દુઃખોનો અત્યંત નાશ કરનાર છે.

મંગલ શબ્દની વ્યાખ્યા શાસ્ત્રકારોએ અનેક પ્રકારે કરી છે; પણ તેની મુખ્ય વ્યાખ્યા 'मङ्गति हितार्थं सर्पतीति मङ्गलम्-જે પ્રાણીઓના હિતને માટે પ્રવર્તે તે મંગલ' એ અહીં ગ્રહણ કરવાની છે. પ્રાણીઓના હિતની પ્રવૃત્તિ અનેક પ્રકારે થાય છે. એટલે મંગલો પણ અનેક પ્રકારનાં છે અને તેથી જ અહીં मंगलाणं च सव्वेसिं એવો શબ્દ પ્રયોગ છે. મંગલના જો દ્રવ્યમંગલ અને ભાવમંગલ એવા બે ભેદો કરીએ તો આ सव्वेसिं શબ્દથી બંને પ્રકારનાં મંગલો ગ્રહણ કરવાનાં છે. દ્રવ્યમંગલ એટલે શુભ પદાર્થ, જેવા કે સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન,

વ્યાખ્યાન નવમું

નમસ્કારની આરાધના

(મંગલાચરણ કર્યા પછી પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું કે—)

મહાનુભાવો !

નમસ્કાર અંગે અહીં આઠ વ્યાખ્યાનો અપાયાં. તેમાં પ્રથમ વ્યાખ્યાનમાં નમસ્કાર એ જિનશાસનનો સાર છે, ચૌદ પૂર્વોનો ઉદ્ધાર છે, સંસાર સાગરમાંથી તારનાર છે તથા મહામંત્ર સ્વરૂપ છે, એ વાત વિસ્તારથી જણાવી. બીજા અને ત્રીજા વ્યાખ્યાનમાં નમસ્કાર મંત્રના અચિંત્ય પ્રભાવનો પરિચય કરાવ્યો. ચોથા વ્યાખ્યાનમાં નમસ્કાર અનાદિ કાલથી ચાલ્યો આવે છે, એ વસ્તુ સપ્રમાણ સિદ્ધ કરી. પાંચમા તથા છઠ્ઠા વ્યાખ્યાનમાં નમસ્કારમંત્ર નિત્ય છે, શાશ્વત છે, એ વાતનાં પુષ્ટ પ્રમાણો આપ્યાં. સાતમા વ્યાખ્યાનમાં નમસ્કારનું બાહ્ય સ્વરૂપ સમજાવ્યું અને તેનાં નવ પદો તથા અડસઠ અક્ષરો યથાર્થ હોવાની સાબીતીઓ આપી. આઠમા વ્યાખ્યાનમાં નમસ્કારનું આંતરિક સ્વરૂપ દર્શાવ્યું અને તેના પ્રત્યેક શબ્દના અર્થ તથા ભાવથી તમને પરિચિત કર્યા. હવે નવમા અને છેલ્લા વ્યાખ્યાનમાં નમસ્કારની આરાધના વિષે કેટલુંક વિવેચન કરવા ઇચ્છીએ છીએ, તે તમે એકાગ્ર ચિત્તે સાંભળો.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે-

सुचिरं वि तवो तवियं, चिन्नं, चरणं सुयं च बहुपढियं ।
जइ ता न नमुक्कारे, रइ तओ तं गयं विहलं ॥

'લાંબા કાળ સુધી તપ કર્યું, ચારિત્રને પાળ્યું અને ઘણાં શાસ્ત્રોનું અધ્યયન કર્યું, પણ જો નમસ્કારમાં રતિ ન થઈ, તો સઘળું નિષ્ફળ ગયું જાણવું.'

નમસ્કારમાં રતિ થવી એટલે નમસ્કાર માટે હૃદયમાં પ્રેમ જાગવો, નમસ્કારની આરાધના માટે અંતરમાં ઉત્સાહ પ્રકટવો. અંતરમાં ઉત્સાહ પ્રકટ્યા વિના એક સામાન્ય કાર્ય પણ સિદ્ધ થતું નથી, તો નમસ્કારની આરાધના જેવું કાર્ય શી રીતે સિદ્ધ થાય?

મંત્રની આરાધનામાં * મુખ્ય વસ્તુ જપ છે, તેથી જ કહ્યું છે કે 'जपात्सिद्धिर्जपात्सिद्धिर्जपात्सिद्धिर्न संशयः

* મંત્રની સિદ્ધિ માટે મંત્રવિશારદોએ પાંચ પગથિયાં બતાવ્યાં છે: (૧) અભિગમન, (૨) ઉપાદાન, (૩) ઇજ્યા, (૪) સ્વાધ્યાય અને (૫) યોગ. તેમાં મંત્રસિદ્ધિ માટે જે સ્થાનનો ઉપયોગ કરવો હોય, તેની શુદ્ધિ કરવી એ અભિગમન છે; મંત્રસાધના માટે જરૂરી [illegible] એકઠાં કરવાં એ ઉપાદાન છે; [illegible], [illegible] અને [illegible] પંચોપચાર આદિ ઉપચારો કરવા, એ ઇજ્યા છે; મંત્રનો વિધિપૂર્વક જપ કરવો, એ સ્વાધ્યાય છે અને તેના અર્થનું [illegible] [illegible]

જપથી સિદ્ધિ થાય છે, જપથી સિદ્ધિ થાય છે, જપથી સિદ્ધિ થાય છે, એમાં સંશય નથી.' પરંતુ જપથી સિદ્ધિ કોણ મેળવે છે? તે જાણવાની જરૂર છે.

બીજમાં ઉગવાની તાકાત છે, પરંતુ ભૂમિ ઉખર (ખારવાળી) હોય, પવન પ્રતિકૂળ ન હોય, તો તે બીજ ઉગી શકતું નથી, તેવી જ રીતે નમસ્કારમંત્રમાં જબ્બર તાકાત છે, અચિંત્ય પ્રભાવ છે, પણ તેને જપનારમાં યોગ્યતા ન હોય, તો એ ફળ આપતો નથી. મંત્ર જપનાર એટલે મંત્રની આરાધના કરનાર કેવો હોવો જોઈએ? તે અંગે શ્રી ભદ્રગુપ્તાચાર્યે વિદ્યારત્નમહાનિધિમાં કહ્યું છે કે-

दक्षो जितेन्द्रियो धीमान्, कोपानलजलोपमः ।
सत्यवादि विलोभश्च, मायामदविवर्जितः ।
मानत्यागी दयायुक्तः, परनारीसहोदरः ।
जिनेन्द्रगुरुभक्तश्च, मंत्रग्राही भवेन्नरः ॥

'મંત્રને ગુરુ પાસેથી ગ્રહણ કરીને તેનો જપ કરનારો મનુષ્ય ચતુર, ઇંદ્રિયોને જિતનાર, બુદ્ધિમાન, કોપ રૂપ અગ્નિ માટે જલ સમાન એટલે ગમે તેવી સ્થિતિમાં પણ શાંતિ રાખી શકનાર, સત્યવાદી, લોભ વિનાનો, માયા અને મદથી રહિત, અહંકારનો ત્યાગ કરનાર, દયાવંત, પરનારીને બહેન સમજનાર એટલે કે તેની સામે કદી વિકાર દૃષ્ટિએ ન જોનાર, અને જિનેશ્વર દેવ તથા ગુરુ પ્રત્યે પરમ ભક્તિ રાખનાર હોવો જોઈએ.'

ભૈરવપદ્માવતીકલ્પમાં પણ મંત્રસાધકનાં લક્ષણો લગભગ આવાં જ આપ્યાં છે. જેમ કે—

शुचिः प्रसन्नो गुरुदेवभक्तो
दृढव्रतः सत्य-दया-समेतः ।
दक्षः पटुर्बीजपदावधारी,
मन्त्री भवेदीदृश एव लोके ॥

'બાહ્ય અને અભ્યંતર પવિત્રતાવાળો, સૌમ્ય ચિત્તવાળો, ગુરુ અને દેવનો ભક્ત, મક્કમ રહેતાં મનમાં અતિ દૃઢ, સત્ય અને દયાથી સહિત, ચતુર, બુદ્ધિશાળી અને મંત્રબીજ તથા પદોને ધારણ કરનારો આવો પુરુષ આ જગતમાં મંત્રસાધક થાય છે.'

પંચપરમેષ્ઠિ-ધ્યાનમાલામાં નમસ્કારમંત્રનો જપ કરનાર માટે કહ્યું છે કે—

શાંત દાંત ગુણવંત, સંતજન સેવાકારી;
વાસિત વિનય ઉપાય, જ્ઞાનધ્યાન ગુણધારી.
સ્યાદ્વાદ રસરંગ, દંભરહિત સાધક લીહે;
શુભ પરિણામ નિમિત્ત, અશુભ અતિ કર્મને દહે,
સાધુ નર પરમેષ્ઠિપદ-ધ્યાનનાં કારણ લહે;
શ્રાદ્ધ સાધક ગુણસદન, નેમિદાસ ઇચ્છિત કહે.

આરાધક હોય, દરેક કામ સારી રીતે વિચાર કરીને કર-નારો હોય, જે સ્યાદ્વાદ એટલે અનેકાન્તવાદના રંગથી રંગાયેલો હોય અને જે હંસની પેઠે શમરસમાં ઝીલનારો હોય, જે શુભ પરિણામના નિમિત્તોને શોધનારો હોય અને સામાં અશુભ કર્મોને છોડનારો હોય, તે જ પુરુષ પંચ-પરમેષ્ઠિની સાધના-આરાધના સારી રીતે કરી શકે છે, એમ શામજી શાહનો પુત્ર નમિદાસ કહે છે.'

પૂર્વના મહાપુરુષોને નમસ્કારમંત્ર ફળ્યો, કારણ કે તેઓ આવા આવા ગુણોને ધારણ કરનારા હતા. આજે આપણને નમસ્કારમંત્ર ફળતો નથી, કારણ કે આપણામાં આ ગુણોની ખામી છે. પણ મન પર લઈએ અને પ્રયત્ન કરીએ તો આ ગુણો અવશ્ય કેળવી શકીએ અને નમસ્કાર મહામંત્રની આરાધના કરવાની યોગ્યતા પામી શકીએ.

જપના ત્રણ પ્રકારો

શાસ્ત્રમાં જપના વિવિધ પ્રકારો બતાવ્યા છે, તેનો અહીં પરિચય કરાવીશું. જપના ત્રણ પ્રકારો તે ભાષ્ય, ઉપાંશુ અને માનસ. બીજા સાંભળી શકે તે પ્રમાણે હોઠ હલાવીને મંત્રનો ઉચ્ચાર કરવો તે ભાષ્ય જપ. તેને વાચિક જપ પણ કહેવામાં આવે છે. બીજો સાંભળી ન શકે એ રીતે હોઠ હલાવીને મંત્રનું સ્મરણ કરવું તે ઉપાંશુ જપ. અને જે માત્ર મનની વૃત્તિથી જ જપાય તે માનસ જપ.

ભાષ્યમાં હોઠ અને જીભ બંને હાલે, બીજામાં હોઠ

હાલે નહિ પણ હોઠ હાલે અને ત્રીજામાં હોઠ કે જીભ કોઈપણ હાલે નહિ.

ભાષ્ય કરતાં ઉપાંશુ કઠિન ગણાય અને ઉપાંશુ કરતાં માનસ કઠિન ગણાય, પરંતુ માનસનું ફળ હજારગણું છે, એટલે જપના ત્રણે પ્રકારમાં માનસ જપ શ્રેષ્ઠ છે. પરંતુ જપનો અભ્યાસ તો ભાષ્યથી જ શરૂ કરવાનો છે. કારણ કે તેનાથી મંત્રના ઉચ્ચારની શુદ્ધિ થાય છે અને તે ઉપાંશુ તથા માનસમાં ઘણું કામ લાગે છે.

જપના પાંચ પ્રકારો

જપના પાંચ પ્રકારો અંગે શાસ્ત્રમાં કહ્યું છે કે:

जल्पाच्छ्रेयान्मौनजापात् सार्थस्ततोऽपि चित्तगः ।
चेतोऽपि तद् ध्येयैकत्वं तत्सर्वस्वम् ॥

'જલ્પ જપ કરતાં મૌન જપ સારો છે. મૌન જપ કરતાં સાર્થ જપ સારો છે. સાર્થ જપ કરતાં ચિત્તસ્થ જપ સારો છે અને ચિત્તસ્થ જપ કરતાં ધ્યેયૈકત્વ જપ સારો છે. કારણ કે તે જ જપનું સર્વસ્વ છે.'

જલ્પ જપ એટલે ભાષ્ય કે વાચિક જપ અને મૌન જપ એટલે ઉપાંશુ જપ. તે બન્નેનું વર્ણન હમણાં જ કરી ગયા. સાર્થ જપ એટલે અર્થચિંતનનો જપ, અર્થના ઉપયોગપૂર્વકનો જપ.

હવે 'નમો અરિહંતાણં' પદ બોલીએ એટલે જપતાં તેમાં મનમાં અરિહંતપણાની સ્થિતિ, ચાર ગુણો, આઠ પ્રાતિહાર્ય [illegible]

બાર પર્ષદા આગળ, મેઘધ્વનિથી દેશના દેતા અરિહંત ભગવાનનું ચિત્ર ખડું થઈ જાય તો તમે સાર્થજાપ કર્યો કહેવાય.

ઘણા માણસોને અર્થનું જ્ઞાન હોતું નથી, એટલે તેઓ પોતાની (આંતરિક) નજર સમક્ષ વાચ્ય પદાર્થનો ખ્યાલ લાવી શકતા નથી અને એ ખ્યાલ લાવી શકતા નથી, એટલે તેમાં જે તન્મયતા થવી જોઈએ, તે થતી નથી. જો તન્મયતા બરાબર થાય તો અપૂર્વ આનંદ આવે, એટલે નમસ્કારની આરાધના કરનારે નમસ્કારના અર્થો બરાબર જાણી લેવા જોઈએ. અને તે જ કારણે ગત વ્યાખ્યાનમાં અમે નમસ્કારના અર્થ-ભાવ રહસ્ય પર પૂરતો પ્રકાશ પાડેલો છે.

નમો સિદ્ધાણં પદ બોલતાં લોકના અગ્રભાગ પર આવેલી શુદ્ધ સ્ફટિક સમાન પીસ્તાલીશ લાખ યોજનની સિદ્ધશિલા અને તેના ઉપર બિરાજી રહેલ નિરંજન, નિરાકાર, વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી, પૂર્ણ સુખી, સર્વ શક્તિમાન એવા અનંત સિદ્ધ ભગવંતોનો ખ્યાલ સ્પષ્ટ થવો જોઈએ. જો આવો ખ્યાલ ન આવે તો સમજવું કે નમો સિદ્ધાણંનો અર્થ મનમાં ઉગ્યો નથી.

નમો આયરિયાણં પદ બોલતાં મહાન ભાવાચાર્ય કે જે જિનશાસનના ધોરી છે, પંચાચારથી વિભૂષિત છે અને બીજાઓ પાસે પણ પંચાચારનું પાલન કરાવી રહ્યા છે, એ આચાર્યનું ચિત્ર મનમાં ખડું થવું જોઈએ.

નમો ઉવજ્ઝાયાણં પદ બોલતાં શ્રુતના પારગામી

ઉપાધ્યાયજી મહારાજ સાધુઓને સૂત્ર-સિદ્ધાંતની વાંચના આપી રહ્યા છે. એ પ્રકારનું ચિત્ર મનમાં ખડું કરવું જોઈએ.

અને નમો લોએ સવ્વસાહૂણં પદ બોલતાં જ્ઞાન, ધ્યાન, શીલ, સંતોષ, ક્રિયાતત્પર, તપ-જપ-કાયોત્સર્ગની સાધના કરી રહેલ સાધુ મહાત્માનું ચિત્ર મનમાં ખડું કરવું જોઈએ.

એસો પંચ નમુક્કારો । ઇત્યાદિ પદો બોલતાં એ પાંચનમસ્કાર આ સર્વ પાપોનો નાશ કરી રહ્યો છે, અને ઉત્કૃષ્ટ મંગલની પ્રાપ્તિ કરી રહ્યો છે, એવો ભાવ મનમાં સ્પષ્ટપણે અંકિત થવો જોઈએ.

જો આ રીતે જપ થાય તો ચિત્તની સંલગ્નતા થતી જાય, એકાગ્રતાનું પ્રમાણ વધે અને તેથી આનંદ પણ આવે.

ચિત્તસ્થ જપ એટલે માનસ જાપ, તેમાં એકાગ્રતા ઘણી જોઈએ. જેનું મન અહીં-તહીં ભટક્યા કરે છે, તે આ જપ કરી શકતા નથી. મન માંકડા જેવું છે અને તે ચારે બાજુ દોડાદોડ કરે છે, એ વાત સાચી; પણ અભ્યાસથી તેને રોકી શકાય છે. કહ્યું છે કે—

અભ્યાસેન સ્થિરં ચિત્તં, અભ્યાસેનાનિલચ્યુતિઃ ।

[illegible]

નહિ, તેમ તમે પણ શરૂઆતમાં શબ્દ કે ભાષ્ય જપ કરો નહિ તો શ્રેષ્ઠ જપ કરી શકો નહિ.

મનમાં એવો દૃઢ નિશ્ચય કરવો જોઈએ કે આજ વસ્તુ જગતમાં સારભૂત છે. તેના વિના બધું નકામું છે, અને તે માટે ગમે તેવો ભોગ આપવાની તૈયારી રાખો તો જપની ઊંચી ભૂમિકાએ પહોંચી જવાનું મુશ્કેલ નથી. પ્રેમ અને સમર્પણ એ સિદ્ધિનો સાચો ઉપાય છે અને તે તમારે આ ક્ષેત્રમાં પૂરા બળથી અજમાવવો જોઈએ,

જપના તેર પ્રકારો

અપેક્ષાથી જપના તેર પ્રકારો પણ માનવામાં આવ્યા છે, તે આ પ્રમાણે :

रेचक-पूरक-कुम्भाः गुणत्रयं स्थिरकृति स्मृती हक्का ।
नादो ध्यानं ध्येयैकत्वं तत्त्वं च जपभेदाः ॥

'(૧) રેચક, (૨) પૂરક (૩) કુંભક, (૪) સાત્ત્વિક (૫) રાજસિક, (૬) તામસિક, (૭) સ્થિરકૃતિ, (૮) સ્મૃતિ, (૯) હક્કા, (૧૦) નાદ, (૧૧) ધ્યાન, (૧૨) ધ્યેયૈકત્વ અને (૧૩) તત્ત્વ એ જપભેદો છે.'

(૧) રેચક જપ—શરીરમાં રહેલાં વાયુને નસકોરા વાટે બહાર કાઢવાપૂર્વક જે જપ કરવો તે રેચક જપ.

(૨) પૂરક જપ—વાયુને નસકોરા વાટે શરીરમાં દાખલ કરવાપૂર્વક જે જપ કરવો તે પૂરક જપ.

(૩) કુંભક જપ—વાયુને શરીરમાં સ્થિર કરવાપૂર્વક જે જપ કરવો તે કુંભક જપ.

આ રીતે કરાયેલો જપ મંત્રમાંની સિદ્ધિમાં ઉપયોગી થાય છે.

(૪) સાત્ત્વિક જપ—શાંતિકર્મ માટે કરાયેલો જપ તે સાત્ત્વિક જપ.

(૫) રાજસિક જપ—વશીકરણાદિ માટે કરાયેલો જપ તે રાજસિક જપ.

(૬) તામસિક જપ—ઉચ્ચાટન તથા મારણાદિ માટે કરાયેલો જપ તે તામસિક જપ.

(૭) સ્થિરકૃતિ જપ—ગમે તેવાં વિઘ્નો આવી પડવા છતાં સ્થિરતાપૂર્વક જપ થાય તે સ્થિરકૃતિ જપ.

(૮) સ્મૃતિ જપ—દૃષ્ટિને નાકના અગ્રભાગ પર સ્થાપીને મંત્રનું મનથી સ્મરણ કરવામાં આવે તે સ્મૃતિ જપ.

(૯) હક્કા જપ—જેમ મંત્રના અક્ષરો ઉચ્ચારાય તેમ તેનો જપ કરવો તે હક્કા જપ. અથવા જેમાં શ્વાસ લેતી અને મૂકતી વખતે હકારનો નિરંતરતાપૂર્વક ઉચ્ચાર કરી કરવો તે હક્કા જપ.

(૧૦) નાદ જપ—જે જપ કરતી વખતે મનમાં ભ્રમરના જેવો ગુંજારવ થાય તે નાદ જપ.

(૧૧) ધ્યાન જપ—મંત્રવર્ણોનું વર્ણાદિપૂર્વક ધ્યાન કરવું તે ધ્યાન જપ.

(૧૨) ધ્યેયૈક્ય—ધ્યાતા અને ધ્યેયની ઐક્યતા આ જપનું અંતિમ ફળ મનાયેલું છે.

(૧૩) તત્ત્વ જપ—પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને

આકાશ એ પાંચ તત્ત્વો છે, તેને અનુસરીને જપ કરવો તે તત્ત્વ જપ.

જપના આ પ્રકારમાં ધ્યાનયોગ અને સ્વરોદય બંનેનો સમાવેશ થાય છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર જપના ફળની તરતમતા હોય છે, એટલે તે સંબંધી પણ બે શબ્દો કહીશું.

દ્રવ્ય—જાપમાં ઉપયોગી દ્રવ્યો એટલે કે આસન, માળા વગેરે શુદ્ધ હોય તો ઉલ્લાસની વૃદ્ધિ થાય છે.

ક્ષેત્ર—સ્થળ એકાંત હોય અને પવિત્ર હોય તો જપમાં વિશેષ તલ્લીનતા આવે છે.

કાળ—જપ કરવા માટે ત્રણ સંધ્યાનો સમય ઉત્તમ મનાયો છે. આ ત્રણ સંધ્યા તે (૧) સૂર્ય ઉગતાં પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી અર્થાત્ ૪૮ મીનીટ. (૨) મધ્યાહ્ન પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી અને (૩) સૂર્યાસ્ત પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી, આ ત્રણે સંધ્યામાં પહેલી સંધ્યા વધારે સારી છે, કારણ કે તે વખતે વાતાવરણ શાંત હોય છે અને મગજ પણ શાંત હોય છે.

ભાવ—એટલે હૃદયનો ઉલ્લાસ. તે જેટલો વધારે હોય, તેટલું ફળ પણ વધારે મળે છે.

[illegible]

[illegible]

મંત્રનું સબીજ અને નિર્બીજ એમ બન્ને પ્રકારે ધ્યાન થઈ શકાય છે. ૐ હ્રીં હું વગેરે મંત્રબીજો કહેવાય. દુનિયાની લાલસાવાળા પ્રાણીઓ આ મંત્રનું સબીજ ધ્યાન ધરે અને માત્ર મોક્ષની અભિલાષાવાળા નિર્બીજ ધ્યાન ધરે, એવો કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજનો અભિપ્રાય છે.

ચિંતામણિરત્ન, કલ્પવૃક્ષ, કામધેનુ કે ચિત્રાવેલી ઐહલૌકિક પદાર્થો આપનાર છે, પણ દુર્ગતિમાંથી બચાવનાર નથી; જ્યારે નમસ્કાર મહામંત્ર આ જન્મમાં પણ રિદ્ધિ-સિદ્ધિ આપે છે, પરલોકમાં પણ રિદ્ધિસિદ્ધિ આપે છે અને

પંચપરમેષ્ઠિમુદ્રા કે કમળબંધ વડે થાય તો તેનું ફળ અધિક મળે છે.

કમળબંધ જપ કરવાની રીતિ એવી છે કે આઠ પાંખડીનું કમળ હૃદયમાં કલ્પવું. વચ્ચે કર્ણિકા કલ્પવી અને તેમાં नमो अरिहंताणं એ પદ સ્થાપવું. પછી ઉપરથી શરૂ કરીને ચારે દિશામાં नमो सिद्धाणं આદિ ચાર પદો સ્થાપવાં અને વિદિશામાં एसो पंच-नमुक्कारो આદિ ચાર પદો સ્થાપવાં. આ સ્થાપનાના રંગો નીચે મુજબ કલ્પવા :

૧ नमोअरिहंताणं—શ્વેતવર્ણ, દૂધ જેવો ધોળો રંગ.

૨ नमो सिद्धाणं—રક્તવર્ણ, માણેક જેવો લાલ રંગ.

૩ नमो आयरियाणं—સુવર્ણવર્ણ, સોના જેવો પીળો રંગ.

૪ नमो उवज्झायाणं—નીલ રંગ, પન્ના જેવો લીલો રંગ.

૫ नमो लोए सव्वसाहूणं—શ્યામવર્ણ, નીલરત્ન જેવો કાળો રંગ

૬ एसो पंच-नमुक्कारो—લાલ અને પીળો.

૭ सव्वपावप्पणासणो—લાલ અને પીળો.

૮ मंगलाणं च सव्वेसिं—લીલો અને શ્યામ.

૯ पढमं हवइ मंगलं—શ્યામ અને લાલ.

આ રીતે કમળબંધથી એક નવકાર ગણતાં લાખ નવકારનું ફળ મળે છે અને તેમાં લીનતા આવી જાય તો ક્રોડ નવકારનું ફળ મળે છે. મતલબ કે મિથ્યાદષ્ટિ સામાન્ય

[illegible], [illegible] હાથે, [illegible]પૂર્વક, [illegible] નમસ્કાર કરો અને સમભાવાદિ આત્મા ઉપરની વિધિથી શુભ ભાવપૂર્વક ધ્યાનરૂપે નમસ્કાર કરો તે [illegible] છે.

નમસ્કારફલપ્રકરણમાં કહ્યું છે કે—

જો ગુણઇ લક્ખમેગં, પૂએઇ વિહીઇ જિણનમુક્કારં ।
તિત્થયરનામગોત્તં, સો બંધઇ નત્થિ સંદેહો ॥

'જે એક લાખ નવકારને ગણે અને શ્રી જિનેશ્વરદેવને વિધિપૂર્વક પૂજે, તે તીર્થંકરનામ-ગોત્રને બાંધે, એમાં સંદેહ નથી.'

ઉપદેશતરંગિણીમાં પણ કહ્યું છે કે—

યો લક્ષં જિનબદ્ધલક્ષ્યસુમનાઃ સુવ્યક્તવર્ણક્રમં,
શ્રદ્ધાવાન્ વિજિતેન્દ્રિયો ભવહરં મન્ત્રં જપેચ્છ્રાવકઃ ।
પુષ્પૈઃ શ્વેતસુગન્ધિભિશ્ચ વિધિના લક્ષપ્રમાણૈર્જિનં,
યઃ સંપૂજયતે સ વિશ્વમહિતઃ શ્રીતીર્થરાજો ભવેત્ ॥

'[illegible] જિનેશ્વરદેવ [illegible] છે, [illegible] શ્રદ્ધાવાન અને જિતેન્દ્રિય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.'

[illegible]

આ પંક્તિઓ પણ તમે સાંભળી જ હશે. આ પરથી નમસ્કાર મહામંત્રની આરાધનાનું ફળ સમજાશે.

તમે બધા મહામંત્રની આરાધનામાં મસ્ત બનો અને તે દ્વારા તમારું આત્મકલ્યાણ સાધો એ ભાવનાપૂર્વક આજનું વ્યાખ્યાન સમાપ્ત કરીએ છીએ અને તેની સાથે નવકાર મંત્રના વિષયની આ વ્યાખ્યાનમાળા પણ સમાપ્ત થાય છે.

सर्वमंगलमाङ्गल्यं, सर्व कल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥